બુધવાર, 21 જાન્યુઆરી, 2026 મહા સુદ ત્રીજ
વડોદરા થી દર શુક્રવારે પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## સંસ્કારી નગરી બની ફ્રોડ નગરી: કરોડોની ઠગાઈ કરતો ભાવિન શાહ પોલીસના આશીર્વાદથી બેફામ

વડોદરા શહેર જે ક્યારેક કલા અને સંસ્કાર માટે જાણીતું હતું, તે આજે ઠગો માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયું છે. અહીં રોજબરોજ અસંખ્ય લોકો છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે. આ ઠગાઈના ખેલમાં અત્યારે સૌથી મોટું નામ ભાવિન શાહનું ઉછળી રહ્યું છે. અનેક ગુનાઓનો માસ્ટરમાઈન્ડ ભાવિન શાહ અત્યારે વડોદરા પોલીસની નબળી ઈચ્છાશક્તિનો જીવતો જાગતો પુરાવો છે.

ભાવિન શાહે લોકોને રિયલ એસ્ટેટ, કન્સ્ટ્રક્શન અને વીઝાની જાળમાં ફસાવીને હજારો નહીં પણ કરોડો રૂપિયાનો ચૂનો લગાવ્યો છે. તેના વિરુદ્ધ ગોરવા, પાણીગેટ, કાપુરાઇ અને વાઘોડિયા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદો અને અનેક અરજીઓ નોંધાયેલી છે. તેમ છતાં, આ રીઢો ગુનેગાર કોઈ પણ ખૌફ વગર શહેરમાં ફરી રહ્યો છે અને વૈભવી જીવન જીવી રહ્યો છે. પીડિતોનો આક્ષેપ છે કે પોલીસ ભવનમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કર્યાને એક મહિનો વીતી ગયો હોવા છતાં, તપાસના નામે શૂન્ય કાર્યવાહી થઈ છે. સૌથી ગંભીર પ્રશ્ન એ ઉઠે છે કે શું પોલીસ જ આવા ગુનેગારોને પ્રોત્સાહન આપી રહી છે? ઘણીવાર એવું જોવામાં આવે છે કે પોલીસ આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવાને બદલે તેમને છાવરે છે, જેના કારણે ગુનેગારોને વધુ ગુના કરવાની પ્રેરણા મળે છે. ભાવિન શાહ જેવા તત્વોને કારણે વડોદરાની છબી 'ફ્રોડ નગરી' તરીકે ઉપસી રહી છે. જે લોકોએ પોતાની જિંદગીની જમાપૂંજી ગુમાવી છે, તેઓ ન્યાય માટે ભટકી રહ્યા છે, જ્યારે કરોડોની ઠગાઈ કરનાર આરોપી મજા કરી રહ્યો છે.

જ્યારે ઠગોને ફાવતું મળે ત્યારે તેમની ઘીમાં પાંચ આંગળી હોય છે, અને અહીં પોલીસની ઢીલી નીતિ તેમના માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. શું પોલીસ કમિશનર આ મામલે મધ્યસ્થી કરશે? શું ગોરવા અને પાણીગેટ પોલીસ સ્ટેશનના અધિકારીઓ પોતાની જવાબદારી સમજશે? ભાવિન શાહ સામે અત્યાર સુધીમાં જેટલી અરજીઓ થઈ છે, જો તેની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો મોટું કૌભાંડ બહાર આવી શકે તેમ છે. પરંતુ અત્યારે તો એવું લાગે છે કે પીડિતો માટે ન્યાયના દરવાજા બંધ છે અને ઠગો માટે પોલીસના આશીર્વાદ ખુલ્લા છે. શું સામાન્ય જનતાએ ન્યાય માટે માત્ર ભટકતું જ રહેવું પડશે અને આવા રીઢા આરોપીઓ કાયદાની મજાક ઉડાવતા રહેશે? દૈનિક પલ્સ સમાચાર આ મામલે સચોટ ફોલો-અપ લેતું રહેશે.




**વડોદરામાં રિયલ એસ્ટેટના નામે કરોડોનું ફૂલેકું ફેરવનાર માસ્ટરમાઈન્ડ ભાવિન શાહ પોલીસની રહેમનજર હેઠળ બેફામ બન્યો છે. ગોરવા અને પાણીગેટ સહિત અનેક પોલીસ મથકોમાં ફરિયાદો છતાં તપાસ ઠપ્પ છે. શું પોલીસ જ આવા રીઢા ગુનેગારોને છાવરી રહી છે?**

## ગોરવા વિસ્તારમાં એક મહિના સુધી ટ્રાફિક ડાયવર્ઝન રહેશે

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં લાંબા સમયથી પડતર ડ્રેનેજ લાઇન અને રોડની સમસ્યાના ઉકેલ માટે વડોદરા મહાનગરપાલિકા (VMC) એ કમર કસી છે. ગોરવા પંચવટી કેનાલથી લઈને ઝુબી સર્કલ સુધીના માર્ગ પર નવેસરથી રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેને પગલે પાલિકાના રોડ શાખા દ્વારા ટ્રાફિકના નિયમન માટે એક સત્તાવાર નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આ કામગીરી ૨૦ જાન્યુઆરીથી શરૂ થશે અને અંદાજે એક મહિના સુધી ચાલવાની શક્યતા છે. રસ્તાનો એક માર્ગ ડ્રેનેજ લાઇન નાખવાના કારણે હાલ અત્યંત બિસ્માર હાલતમાં છે, જેને સંપૂર્ણપણે ખોદીને પાયાથી બનાવવામાં આવશે. આ પ્રક્રિયા દરમિયાન રસ્તાનો એક ટ્રેક વાહનો માટે સંપૂર્ણ બંધ રહેશે. પરિણામે, ટ્રાફિકને બીજા ટ્રેક પર ડાયવર્ટ કરવામાં આવશે, જ્યાંથી બંને તરફના વાહનોની અવરજવર રહેશે. પાલિકાના અધિકારીઓએ જણાવ્યું છે કે, એક જ ટ્રેક પર બંને તરફનો ટ્રાફિક હોવાથી પીક અવર્સ (સવારના ૯ થી ૧૧ અને સાંજના ૬ થી ૮) દરમિયાન વાહનચાલકોએ ટ્રાફિક જામનો સામનો કરવો પડી શકે છે. આથી, સમયસર મુકામે પહોંચવા માટે વધારાનો સમય લઈને નીકળવા અથવા આ માર્ગને ટાળીને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા સૂચન કરવામાં આવ્યું છે. કોર્પોરેશન દ્વારા કામગીરીના સ્થળે સુરક્ષા અને ટ્રાફિક મેનેજમેન્ટ માટે જરૂરી બેરિકેટ્સ અને સાઇન બોર્ડ્સની વ્યવસ્થા પણ કરવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકાએ તમામ વાહનચાલકો અને સ્થાનિક રહીશોને આ વિકાસલક્ષી કામગીરીમાં સહકાર આપવા નમ્ર વિનંતી કરી છે.

**વડોદરાના ગોરવા વિસ્તારમાં પંચવટી કેનાલથી ઝુબી સર્કલ સુધી ડ્રેનેજ લાઇન અને રોડના કામને કારણે ટ્રાફિક ડાયવર્ઝન જાહેર કરાયું છે. આગામી ૨૦ જાન્યુઆરીથી એક મહિના સુધી એક ટ્રેક બંધ રહેતા વાહનચાલકોએ સાવચેતી રાખવી પડશે.**

## વડોદરા: કુખ્યાત બિલ્ડર ટીનો શાહ ઝડપાયો, કરોડોનું જમીન કૌભાંડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાં રિયલ એસ્ટેટના ઓઠા હેઠળ ચાલતા જમીન પચાવી પાડવાના મોટા રેકેટનો ગોત્રી પોલીસે પર્દાફાશ કર્યો છે. શહેરના કુખ્યાત બિલ્ડર તરીકે જાણીતા ભુપેન્દ્ર ઉર્ફે ટીનો શાહ અને તેના સાગરીત વિજય પંચાલને પોલીસે કરોડોની છેતરપિંડીના ગુનામાં જેલભેગા કર્યા છે. આ કૌભાંડનો ભોગ બનેલા જમીન માલિકો અમેરિકાથી ન્યાયની આશાએ વડોદરા દોડી આવ્યા હતા. કૌભાંડની જળ મૂળમાંથી તપાસ કરતા સામે આવ્યું છે કે, ગોત્રી ગામના રેવન્યુ સર્વે નંબર ૨૪૯ અને ૨૯૨ની કરોડોની કિંમતની જમીન હસ્તગત કરવા માટે ટીનો શાહે પૂર્વયોજિત કાવતરું રચ્યું હતું. ફરિયાદીએ વર્ષ ૨૦૦૦માં મૂળ માલિકો પાસેથી આ જમીન કાયદેસર દસ્તાવેજથી ખરીદી હતી. જમીનનો વિકાસ કરવા અને તેના કાયદેસરના ટાઇટલ ક્લિયર કરવા માટે ટીનો શાહ પર વિશ્વાસ મૂકી તેને પાવર ઓફ એટર્ની આપવામાં આવી હતી. જોકે, રક્ષક જ ભક્ષક બન્યો હોય તેમ, ટીનો શાહે વિજય પંચાલ, મયુરીકા પટેલ અને પી.કે. મારે સાથે મળીને આ જમીન પર ખોટા અને બનાવટી વેચાણ કરારો (બાનાખત) તૈયાર કરી નાખ્યા હતા. જ્યારે જમીન માલિકોને આ વાતની જાણ થઈ ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પોલીસની તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓએ જમીન માલિકોની સહીઓ અને દસ્તાવેજોમાં છેડછાડ કરી છે. વડોદરાના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ટીનો શાહનું નામ અનેક વિવાદો સાથે જોડાયેલું રહ્યું છે, પરંતુ આ વખતે NRI રોકાણકારો સાથેની છેતરપિંડી તેને ભારે પડી છે. ગોત્રી પોલીસે કલમ ૪૦૬, ૪૨૦ અને ૧૨૦-બી હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હજુ મયુરીકા પટેલ અને પી.કે. મારે પોલીસ પકડથી દૂર છે, જેમની શોધખોળ માટે અલગ-અલગ ટીમો બનાવાઈ છે. વડોદરામાં જમીન પચાવી પાડતી આવી ટોળકીઓ સામે કડક PASA હેઠળની કાર્યવાહી થાય તેવી માંગ પણ ઉઠી.




**વડોદરામાં રિયલ એસ્ટેટના નામે ચાલતા 'ટીનો શાહ'ના કાળા કારોબારનો અંત આવ્યો છે. ગોત્રીમાં કરોડોની જમીન હડપવા બનાવટી દસ્તાવેજો બનાવનાર કુખ્યાત બિલ્ડર અને તેના સાગરીતની પોલીસે ધરપકડ કરી છે. NRI રોકાણકારોને નિશાન બનાવતી આ ટોળકી સામે પોલીસે લાલ આંખ કરી છે.**

## વડોદરા: નકલી સોનું પધરાવી ૧૫ રાજ્યોમાં ૫૬ ઠગાઈ કરનાર બંગાળી દંપતી ઝડપાયું

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢના કેશોદમાં સોની વેપારીને લાખોનો ચૂનો લગાવનાર આંતરરાજ્ય બંગાળી ગેંગને આખરે વડોદરા પાસેથી દબોચી લેવામાં આવી છે. જોકે, આ ધરપકડ બાદ જે આંકડા સામે આવ્યા છે તે પોલીસ તંત્રની ઉંઘ ઉડાડવા માટે પૂરતા છે. આ દંપતીએ ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં સોની વેપારીઓને પોતાનો શિકાર બનાવ્યા છે. સોનાના નામે પિત્તળ પધરાવતી આ ગેંગે અત્યાર સુધીમાં અંદાજે ૯૦૦ ગ્રામ શુદ્ધ સોનાના દાગીના વેપારીઓ પાસેથી લૂંટ્યા છે.

ઘટનાની શરૂઆત કેશોદની 'પાલા પ્રિયમ જ્વેલર્સ'થી થઈ હતી, જ્યાં આ ઠગ દંપતીએ હાર પસંદ કરવાના બહાને ₹૨,૬૨,૦૦૦ની કિંમતના સોનાના ચેઈન અને રોકડ મેળવી બદલામાં નકલી હાર પધરાવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું કે તેઓ પંચધાતુ પર ૧૦ ગ્રામ સોનાનું વરખ ચડાવવા માટે પોટાશ કેમિકલનો ઉપયોગ કરતા હતા, જેથી અનુભવી વેપારી પણ છેતરાઈ જાય. આ આખું કૌભાંડ બિહારના પટનામાં બેઠેલા રવિ સોની અને બનારસના એક સૂત્રધાર દ્વારા ચલાવવામાં આવતું હતું. દંપતીને દરેક ઠગાઈ દીઠ માત્ર ૭,૦૦૦ રૂપિયાનું કમિશન મળતું હતું, જ્યારે કરોડોનો માલ માસ્ટરમાઈન્ડ પાસે પહોંચતો હતો. પી.આઈ. કુનાલ પટેલ અને જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ સર્વેલન્સથી આ ગેંગને પકડી તો પાડી છે, પરંતુ જે રીતે આ ગેંગે ૧૫ રાજ્યોમાં ૫૬ વાર પોલીસને થાપ આપી છે, તે પોલીસની આંતરરાજ્ય સંકલન વ્યવસ્થા પર ગંભીર સવાલ ઉભા કરે છે. ગુજરાતમાં જ હજુ ૧૦ થી ૧૨ વધુ વેપારીઓ ભોગ બન્યા હોવાની આશંકા છે. પોલીસ ભલે આને મોટી સફળતા ગણાવે, પણ સત્ય એ છે કે વેપારીઓએ ગુમાવેલું અસલી સોનું પરત મેળવવું હજુ પડકારજનક છે. પોલીસે અન્ય ભોગ બનનાર વેપારીઓને હિંમત કરી ફરિયાદ નોંધાવવા અપીલ કરી છે. શું પોલીસ આ નેટવર્કના મુખ્ય સૂત્રધાર 'રવિ સોની' સુધી પહોંચી શકશે કે પછી માત્ર કમિશન લેનારાઓ જ જેલમાં સડશે?



## પોલેન્ડના વર્ક વિઝાના નામે વડોદરામાં લાખોની છેતરપિંડી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં વધુ એક વિઝા કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં ૯ મધ્યમવર્ગીય પરિવારોને પોલેન્ડમાં નોકરીની લાલચ આપી લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે. અલ્પાબેન પટેલ નામની મહિલાની ફરિયાદ પરથી કપુરાઇ પોલીસે શિલ્પા રાજપુત અને સેમ્યુઅલ ક્રિશ્ચન વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ઘટનાની વિગતો મુજબ, ૨૦૨૨માં દુબઈમાં સાથે નોકરી કરતા હોવાથી શિલ્પા રાજપુતે ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. એપ્રિલ ૨૦૨૫માં શિલ્પાએ પોલેન્ડની પ્લેટિનમ હોસ્પિટલમાં કેરટેકરની નોકરી અને ૧.૧૦ લાખ રૂપિયાના આકર્ષક પગારની વાત કરી સેમ્યુઅલ ક્રિશ્ચન સાથે સંપર્ક કરાવ્યો હતો. સેમ્યુઅલે તમામ પ્રક્રિયા ૧૫ દિવસમાં પૂરી કરવાની ખાતરી આપી હતી. ફરિયાદી પાસેથી ૩૮,૫૦૦ રૂપિયા પત્નીના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા બાદ તેને ટૂરિસ્ટ વિઝા પધરાવી દેવાયા હતા. જ્યારે અલ્પાબેને વર્ક પરમિટ વિશે સવાલ કર્યો ત્યારે આરોપીઓએ ઉડાઉ જવાબ આપી નાણાં પરત કરવામાં ખોટા વાયદા કર્યા હતા. આ દરમિયાન અન્ય ભોગ બનનારા લોકો પણ સામે આવ્યા, જેમની પાસેથી ૮૭ હજારથી લઈને ૧.૩૦ લાખ સુધીની રકમ વસૂલવામાં આવી હતી. કુલ ૬,૬૯,૦૬૦ રૂપિયાની ઠગાઈ આચરનાર આ ટોળકીએ અનેક લોકોના વિદેશ જવાના સપનાઓ રોળી નાખ્યા છે. પોલીસે તમામ પુરાવાઓ એકત્ર કરી આરોપીઓની શોધખોળ તેજ કરી છે.




**વડોદરામાં પોલેન્ડમાં કેરટેકરની નોકરી અપાવવાના બહાને 9 લોકો સાથે 6.69 લાખની ઠગાઈ. સેમ્યુઅલ ક્રિશ્ચન અને શિલ્પા રાજપુત સામે ફરિયાદ.**

# વડોદરામાં નકલી PSI ઝડપાયો: વૈભવી બંગલો અને એરગન સાથે ઠગાઈ

## તાંદલજા: નકલી PSI મોબીન સોદાગરના વૈભવી બંગલા પર SOG ત્રાટકી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરની SOG શાખાએ આજે એક ચોંકાવનારા ઓપરેશનમાં નકલી પોલીસ અધિકારી બનીને ફરતા મોબીન ઇકબાલ સોદાગરના કાળા સામ્રાજ્યનો પર્દાફાશ કર્યો છે. તાંદલજા રોડ પર આવેલા ઝમઝમ ટાવર પાછળના વૈભવી 'અલકબીર બંગલા'માં આરોપી પોલીસના નામે ઠગાઈનું કારખાનું ચલાવતો હતો. જ્યારે SOG ની ટીમ રેડ કરવા પહોંચી ત્યારે તેની પત્નીએ દરવાજો ખોલ્યો હતો, પણ અંદરના દ્રશ્યો જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આરોપી મોબીન સોદાગર પાસેથી પોલીસ સબ-ઇન્સ્પેક્ટરનો યુનિફોર્મ, ૨ નકલી આઈકાર્ડ અને ડરાવવા માટે એક એરગન મળી આવી છે. તેની પૂછપરછમાં સામે આવ્યું છે કે તે રસ્તા પર જતી વખતે કે જમીનના વિવાદોમાં પીએસઆઈ તરીકેની ધાક જમાવીને મોટા તોડ કરતો હતો. તેના બંગલામાં પાર્ક કરેલી ક્રેટા અને અર્ટીગા ગાડીઓ પર નંબર પ્લેટ નહોતી, પણ તેમાં ખાખી વર્દી લટકતી હતી જેથી કોઈ અધિકારી તેને અટકાવવાની હિંમત ન કરે. સૌથી ગંભીર બાબત એ છે કે, આરોપી પાસેથી ૨૨ નકલી સિક્કા મળી આવ્યા છે, જેમાં ગાંધીનગર SIT ના એસપીના સિક્કાનો પણ સમાવેશ થાય છે. આ સિક્કાઓનો ઉપયોગ તે નકલી આવકના દાખલા અને સરકારી પ્રમાણપત્રો બનાવવા માટે કરતો હતો. પોલીસે આરોપી પાસેથી ૨૨ લોકોના ઓળખપત્રો, લેપટોપ, મોબાઈલ અને ૨૬.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મોબીન સોદાગર રાજ્ય સેવક ન હોવા છતાં ખોટી ઓળખ આપી લોકોને છેતરતો હોવાથી જેપી રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. આ કિસ્સો વડોદરા પોલીસ માટે પણ શરમજનક છે કે એક ઠગ તેમના જ નામે વૈભવી બંગલામાં રહીને લાખોની ઉઘરાણી કરતો હતો. હવે પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે અત્યાર સુધી તેણે કેટલા લોકોને પોતાનો શિકાર બનાવ્યા છે અને તેની પાસે આટલા બધા લોકોના ઓરિજિનલ દસ્તાવેજો ક્યાંથી આવ્યા.



**વડોદરાના તાંદલજામાં નકલી PSI મોબીન સોદાગર ઝડપાયો. ખાખી વર્દી, એરગન અને સરકારી સિક્કાઓનો ઉપયોગ કરી કરતો હતો લાખોની ઠગાઈ.**

# યાકુતપુરામાં બુલડોઝર ફર્યા: 38 ગેરકાયદે બાંધકામ તોડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના યાકુતપુરા વિસ્તારમાં સરકારી જમીન પરના દબાણો દૂર કરવા માટે આજે વહીવટી તંત્ર દ્વારા મોટી કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૨૦ જાન્યુઆરીની વહેલી સવારથી જ મ્યુનિસિપલ કોર્પોરેશન અને કલેક્ટર કચેરીની ટીમો મદાર મહોલ્લામાં પહોંચી હતી અને ૩૮ જેટલા ગેરકાયદેસર કોમર્શિયલ તેમજ રહેણાંક બાંધકામો તોડી પાડવાની શરૂઆત કરી હતી. પ્રાંત અધિકારી બી. એસ. સાંબળેએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, સરસીયા તળાવ પાસેની આ સરકારી જમીન પર લાંબા સમયથી દબાણો હતા. આ કેસમાં ૧૯૯૫થી પ્રક્રિયા ચાલી રહી હતી અને ભૂતકાળમાં થયેલા હુકમોની અમલવારી આજે કરવામાં આવી છે. બીજી તરફ, રહીશો દ્વારા આ બાબતે અગાઉ આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ તંત્રએ કાયદાકીય રીતે આગળ વધીને જમીન ખુલ્લી કરાવવાની પ્રક્રિયા તેજ કરી છે.
આ કામગીરીમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે તંત્ર દ્વારા ડ્રોન સર્વેલન્સ અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ડીસીપી અને એસીપી કક્ષાના અધિકારીઓની હાજરીમાં સમગ્ર વિસ્તારને કોર્ડન કરી પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. હાલમાં આ કામગીરી શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે અને કોમર્શિયલ દબાણો દૂર કર્યા બાદ આગળની પ્રક્રિયા હાથ ધરાશે.

**સરકારી જમીન પરના દબાણો સામે વડોદરા વહીવટી તંત્રનો સપાટો: યાકુતપુરામાં વર્ષો જૂના ૩૮ બાંધકામો પર ચાલ્યા બુલડોઝર**

# અક્ષય કુમારના કાફલાને જુહુમાં અકસ્માત: અભિનેતા અને પત્ની સુરક્ષિત

**દૈનિક પલ્સ સમાચાર:** મુંબઈના જુહુ વિસ્તારમાં સોમવારે રાત્રે 9 વાગ્યાની આસપાસ એક મોટો માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બોલીવુડ અભિનેતા અક્ષય કુમારનો કાફલો અડફેટે આવ્યો હતો. મળતી માહિતી મુજબ, એક પૂરઝડપે આવી રહેલી મર્સિડીઝ કારના ચાલકે નિયંત્રણ ગુમાવતા પહેલા એક ઓટોરિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર બાદ ઓટોરિક્ષા હવામાં ફંગોળાઈને અક્ષય કુમારના કાફલામાં સામેલ ઇનોવા કાર સાથે અથડાઈ હતી.
આ ચોંકાવનારી ઘટના સમયે અક્ષય કુમાર અને તેમની પત્ની ટ્વિંકલ ખન્ના કાફલાની બીજી કારમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમની કારને પણ અકસ્માત નડ્યો હતો, જોકે સદનસીબે તે બંનેને કોઈ ઈજા પહોંચી નથી અને નુકસાન પણ નજીવું છે. જોકે, કાફલામાં રહેલી અન્ય કાર અને ઓટોરિક્ષાને ભારે નુકસાન થયું છે. વાયરલ થયેલા અકસ્માતના વીડિયોમાં જોઈ શકાય છે કે કાફલાનું એક વાહન ઓટોરિક્ષાની ઉપર ચઢી ગયું છે અને રસ્તો બ્લોક થઈ ગયો છે.
ઘટના બાદ તરત જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. ઓટો ચાલક અને તેમાં બેઠેલા મુસાફરને ઈજાઓ પહોંચતા તેમને તુરંત જ તબીબી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાની જાણકારી મળતા જ સંબંધિત અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી હતી. હાલમાં એ સ્પષ્ટ નથી થયું કે મર્સિડીઝ ચાલક નશામાં હતો કે ગાડીની બ્રેક ફેઈલ થઈ હતી. અક્ષય કુમારની ટીમ તરફથી આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું નથી. જોકે, અક્ષય કુમાર અને ટ્વિંકલ સુરક્ષિત હોવાના સમાચારથી સોશિયલ મીડિયા પર ચાહકો ઈશ્વરનો આભાર માની રહ્યા છે. આ ઘટનાને કારણે જુહુના મુખ્ય માર્ગ પર થોડો સમય ટ્રાફિક જામ અને ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ સ્થિતિને વહેલી તકે કાબૂમાં લેવામાં આવી હતી.

**મુંબઈના જુહુમાં સોમવારે રાત્રે અક્ષય કુમારના કાફલાને અકસ્માત નડ્યો હતો. એક બેફામ મર્સિડીઝે રિક્ષાને ટક્કર મારતા રિક્ષા અક્ષયના કાફલાની કાર સાથે અથડાઈ હતી. સદનસીબે અક્ષય કુમાર અને પત્ની ટ્વિંકલ સુરક્ષિત છે, પરંતુ વાહનોને નુકસાન થયું છે.**

# વડોદરા: WPL મેચમાં ધાર્મિક પ્રતીક કિપાણ મુદ્દે ભારે હોબાળો

**દૈનિક પલ્સ સમાચાર:** કોટંબી સ્ટેડિયમમાં WPL મેચ દરમિયાન મેદાન પર ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલી રહી હતી, ત્યારે ગેટ પર શરમજનક વિવાદ ખેલાઈ રહ્યો હતો. એક શીખ યુવક જે આસ્થા સાથે કિપાણ ધારણ કરીને મેચ જોવા આવ્યો હતો, તેને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. આ ઘટનાએ સ્ટેડિયમના મેનેજમેન્ટની સિક્યુરિટી ગાઇડલાઇન્સ સામે અનેક ગંભીર સવાલો ઉભા કર્યા છે. શીખ યુવકે બંધારણીય અધિકારો અને ધાર્મિક મહત્વ સમજાવવા છતાં સુરક્ષાકર્મીઓએ તેને ગેટની બહાર જ રોકી રાખ્યો હતો. આ પ્રકારની ઘટનાઓ માત્ર એક વ્યક્તિના અપમાનની વાત નથી, પરંતુ આખા સમુદાયની લાગણીઓ સાથેની રમત છે. વડોદરા જેવું સંસ્કારી શહેર જ્યાં વિવિધ ધર્મોના લોકો હળીમળીને રહે છે, ત્યાં આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્ટેડિયમમાં આવી સંકુચિત માનસિકતા આઘાતજનક છે.
શું આયોજકો માટે ધાર્મિક સંવેદનાઓ કરતાં કાગળ પરના જડ નિયમો વધુ મહત્વના છે? ઘટનાના વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ વહીવટી તંત્ર પર માછલાં ધોવાઈ રહ્યાં છે અને યોગ્ય તપાસની માંગ ઉઠી છે.

**વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં સિક્યુરિટીની અણસમજને કારણે વિવાદ સર્જાયો છે. WPL મેચ જોવા આવેલા શીખ યુવકને તેના ધાર્મિક પ્રતીક 'કિપાણ' સાથે પ્રવેશતા અટકાવવામાં આવતા શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. આસ્થા પર તરાપ મારતી આ ઘટનાની સર્વત્ર ટીકા થઈ રહી છે.**

## વેપારી સાથે 1.63 કરોડની છેતરપિંડી, છેલ્લે બાબા પકડાયો

**દૈનિક પલ્સ સમાચાર:** આણંદ જિલ્લાના સોજીત્રામાં છેતરપિંડીની એક એવી કહાની સામે આવી છે જે સાબિત કરે છે કે ગુનેગારો કેટલા બેફામ બન્યા છે. એક શોરૂમ સંચાલકને મદદની આડમાં સપડાવીને એક ઠગ ટોળકીએ કુલ 1,63,33,511 રૂપિયાની લૂંટ ચલાવી છે. શરૂઆત મુંબઈમાં ટેન્ડર છોડાવવા માટે ઉછીના લીધેલા 8 લાખથી થઈ હતી, પરંતુ અંત તાંત્રિક વિધિના ખોફ સુધી પહોંચ્યો હતો.
આ ટોળકીએ બે મોઢાવાળા સાપ અને 12 નખવાળા કાચબા જેવા વહેમો ઊભા કરી વેપારીના આખા પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી. પરિવારને બચાવવા માટે દરરોજના 21 હજાર રૂપિયા લેખે પણ વસૂલાત કરવામાં આવી. સોનાના બિસ્કિટ અને મુંબઈના સ્ક્રેપના નામે પણ લાખો રૂપિયા પડાવવામાં આવ્યા. આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે આ ઠગાઈના ખેલના ખેલાડી રફીક ઉર્ફે બાબા પુજાભાઈ રાઠોડને ઇન્દિરા સ્ટેચ્યુ પાસેથી દબોચી લીધો છે. ઠગાઈનો આ ગ્રાફ દર્શાવે છે કે કાયદાનો ડર ઓછો અને અંધશ્રદ્ધાનો પ્રભાવ વધુ છે.

## વડોદરા: અરવિંદ કેજરીવાલના સાંનિધ્યમાં AAPનું સંમેલન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના આજવા રોડ પર આમ આદમી પાર્ટી દ્વારા એક ભવ્ય ક્ષેત્રીય બુથ કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં પક્ષના સર્વોચ્ચ નેતા અરવિંદ કેજરીવાલ અને આદિવાસી નેતા ચૈતર વસાવાની ઉપસ્થિતિએ કાર્યકર્તાઓમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. આજવા રોડ પર ખાનગી પાર્ટી પ્લોટની સામે યોજાયેલા આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં આપના બુથ લેવલના યોદ્ધાઓ હાજર રહ્યા હતા.
અરવિંદ કેજરીવાલે પોતાના સંબોધનમાં ગુજરાતમાં પાર્ટીના સંગઠનને કેવી રીતે બળુદું બનાવવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વડોદરાના બુથ પ્રમુખો અને કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ જાણી હતી. સાંસદ ચૈતર વસાવાએ વડોદરામાં પોતાની હાજરી નોંધાવીને કાર્યકરોને એકજુથ થઈને લડવા હાકલ કરી હતી. સંમેલન દરમિયાન પાર્ટીના નેતાઓએ શિક્ષણ, સ્વાસ્થ્ય અને મોંઘવારી જેવા મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. વડોદરાના આ સંમેલનને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને સંગઠન વિસ્તરણના ભાગરૂપે જોવામાં આવી રહ્યું છે. કાર્યક્રમ બાદ કાર્યકરોમાં એક નવો આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો અને આગામી દિવસોમાં ઘરે-ઘરે જઈને લોકસંપર્ક વધારવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો.

## MSU વિવાદ: સુરક્ષા કર્મીઓની હડતાળ, હોસ્ટેલ અસુરક્ષિત

**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારી નગરી વડોદરાની શાન ગણાતી એમ.એસ. યુનિવર્સિટી ફરી એકવાર ગંભીર વિવાદમાં સપડાઈ છે. યુનિવર્સિટીમાં સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. કારણ છે સત્તાધીશોની બેદરકારી, જેના લીધે 50 દિવસથી સુરક્ષા કર્મચારીઓને પગાર મળ્યો નથી. પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા વલખાં મારતા ગાર્ડ્સે આખરે હડતાળ પર ઉતરવાનો નિર્ણય લીધો છે. આ હડતાળને કારણે MSU કેમ્પસ અને ખાસ કરીને ગર્લ્સ હોસ્ટેલ સંપૂર્ણપણે અસુરક્ષિત બની ગઈ છે. હોસ્ટેલના ગેટ પર તૈનાત રહેતા સુરક્ષાકર્મીઓની ગેરહાજરીમાં કોઈ પણ અજાણી વ્યક્તિ કે અસામાજિક તત્વો પ્રવેશી શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. એક તરફ યુનિવર્સિટી ડિજિટલ ઇન્ડિયા અને ગ્લોબલ રેન્કિંગની વાતો કરે છે, પણ પાયાની જરૂરિયાત એવી સુરક્ષા માટે ભંડોળ કેમ નથી? વિદ્યાર્થીનીઓના વાલીઓમાં પણ ચિંતાનો માહોલ છે. યુનિવર્સિટી વહીવટી તંત્રની આ સંવેદનહીનતા કેમ્પસની સલામતી સામે મોટું પ્રશ્નાર્થ ચિન્હ ઉભું કરે છે.

# વડોદરાની 13241 દીકરીઓ વ્હાલી દીકરી યોજનાની સહાયથી વંચિત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકાર દ્વારા દીકરીઓના જન્મદરને વધારવા અને તેમના શિક્ષણમાં મદદરૂપ થવા માટે સાત વર્ષ પહેલાં 'વ્હાલી દીકરી યોજના'ની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ કુલ રૂ. 1,10,000ની આર્થિક સહાય આપવાનું વચન અપાયું હતું. જોકે, વડોદરા શહેર અને જિલ્લાની સ્થિતિ જોતા લાગે છે કે આ યોજના માત્ર કાગળ પર જ ગતિ કરી રહી છે. વડોદરામાં 13,241 જેટલી મંજૂર થયેલી અરજીઓ છેલ્લા ઘણા સમયથી સહાયની રકમની રાહ જોઈ રહી છે. સહાયના ત્રણ તબક્કા અને વાસ્તવિકતા: યોજનાના નિયમ મુજબ, દીકરી પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવે ત્યારે રૂ. 4,000, નવમાં ધોરણમાં રૂ. 6,000 અને 18 વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ અથવા લગ્ન માટે રૂ. 1,00,000ની સહાય આપવાની જાહેરાત કરાઈ હતી. વર્ષ 2019માં જે દીકરીઓની નોંધણી થઈ હતી, તેઓ હવે શાળામાં અભ્યાસ કરી રહી છે અને પ્રથમ હપ્તા માટે હકદાર બની છે. પરંતુ સાત વર્ષના લાંબા સમયગાળા બાદ પણ તંત્ર દ્વારા સહાય ચૂકવવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. વડોદરા જિલ્લા વહીવટી તંત્ર અને મહિલા-બાળ કલ્યાણ વિભાગ દ્વારા વધુ લાભાર્થીઓને યોજનામાં જોડવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, પરંતુ પ્રશ્ન એ છે કે જેમના ફોર્મ વર્ષો પહેલા મંજૂર થઈ ગયા છે તેમને નાણાં ક્યારે મળશે? વાલીઓનો આક્ષેપ છે કે અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર તરફથી માત્ર 'પ્રક્રિયા ચાલુ છે' તેવો જવાબ મળે છે. યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધી લાભાર્થીઓને કોઈ જ રકમ નહીં મળતા, છેવાડાના માનવી સુધી આ લાભ પહોંચશે કે કેમ તે બાબતે શંકાઓ સેવાઈ રહી છે. તેજસ જોષી (પ્રેસ પ્રતિનિધિ) ના અહેવાલ મુજબ, જો સરકાર આ બાબતે સત્વરે નિર્ણય નહીં લે, તો યોજનાનો મૂળ હેતુ જ માર્યો જશે. હવે જોવાનું એ રહે છે કે સરકાર આ 13 હજારથી વધુ દીકરીઓના ખાતામાં ક્યારે સહાયની રકમ જમા કરાવે છે. **રિપોર્ટ : તેજસ જોશી**

**રાજ્ય સરકારની 'વ્હાલી દીકરી યોજના' હેઠળ વડોદરાની 13,241 દીકરીઓ સાત વર્ષથી સહાયની રાહ જોઈ રહી છે. વર્ષ 2019માં નોંધાયેલી દીકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશના રૂ. 4,000નો હપ્તો હજુ મળ્યો નથી, જેના કારણે યોજનાના અમલીકરણ સામે સવાલો ઊભા થયા છે.**

## GEB ઓફિસમાં ભાઈ-બહેનનો હંગામો, લાઈનમેનને ધમકી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં સરકારી કર્મચારીઓ પર થતા હુમલાની ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી. પાણીગેટ વિસ્તારમાં વીજ બિલની વસૂલાત કરવા ગયેલી જીઈબીની ટીમને ગ્રાહકની ગુંડાગીરીનો સામે ટકવું મુશ્કેલ બન્યું છે. ગ્રાહક સૈયદખાન પઠાણે 4 મહિનાથી બિલ ન ભરતા લાઈનમેને તેનું મીટર કાપી લીધું હતું. આ બાબતનો બદલો લેવા આરોપી ચપ્પુ લઈને સીધો જીઈબી ઓફિસમાં ઘસી આવ્યો હતો.
આરોપીએ લાઈનમેન દશ્વતભાઈ શેખને 'બહાર નીકળશો તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. હદ તો ત્યારે થઈ જ્યારે તેની બહેન જુબેદા પણ ત્યાં પહોંચી અને ગાળો ભાંડવા લાગી. 11 હજાર રૂપિયા જેવી રકમ માટે ચપ્પુ ઉગામતા આવા તત્વોને કારણે હવે સરકારી કચેરીઓ સુરક્ષિત રહી નથી. પોલીસે ભાઈ-બહેન વિરુદ્ધ ગુનો તો નોંધ્યો છે, પણ ગુંડાતત્વોમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી.

## ૨૫ વર્ષથી નાસતો પત્નીનો હત્યારો ઉત્તરપ્રદેશથી ઝડપાયો



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૦માં બનેલી પત્નીની હત્યાની ઘટનાનો આરોપી ૨૫ વર્ષ બાદ ઝડપાયો છે. મંજુસરની સીમમાં પત્ની પર કેમિકલ છાંટી સળગાવી દેનાર ભરથરી ઉર્ફે નિરાલા પ્રસાદ યુપીમાં છુપાયો હતો. સ્થાનિક તપાસ ટીમ દ્વારા ઉત્તરપ્રદેશના કુશીનગરમાં ફ્રુટની લારી અને પાનની દુકાન પર શ્રમિકોનો વેશ ધારણ કરી આરોપી પર વોચ રાખવામાં આવી હતી. આખરે આરોપી ઘરની બહાર આવતા તેને દબોચી લેવામાં આવ્યો હતો.

## સાડા ત્રણ વર્ષથી નાસતો વાહન ચોર બોટાદથી ઝડપાયો



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા 'ઓપરેશન પરાક્રમ' હેઠળ પોલીસે સાડા ત્રણ વર્ષથી ફરાર વાહન ચોરને પકડી પાડ્યો છે. મધ્યપ્રદેશનો વતની સુનકેશ અલાવા જરોદ પોલીસ સ્ટેશનના મોટરસાયકલ ચોરીના ગુનામાં વોન્ટેડ હતો. બાતમીના આધારે પેરોલ-ફર્લો સ્કવોર્ડે બોટાદના રાણપુર પાસે વોચ ગોઠવી તેને ઝડપી લીધો હતો. આ આરોપીએ વર્ષ ૨૦૨૨માં સ્પ્લેન્ડર બાઈકની ચોરી કરી હતી.

# 75 વર્ષ જૂની ટાંકી મજબૂત, નવીનક્કોર કડડડભૂસ: વિકાસ કે વિનાશ?

## સુરત-અમદાવાદ: પાણીની ટાંકીમાં ભ્રષ્ટાચાર અને મજબૂતીનો ખેલ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના વિકાસ મોડલની પોલ ખોલતી બે ઘટનાઓ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે. એક બાજુ અમદાવાદમાં આઝાદીના સમયની મજબૂત કલાકૃતિ સમાન પાણીની ટાંકી છે, તો બીજી બાજુ સુરતમાં આધુનિક ટેકનોલોજી અને ૨૧ કરોડના ખર્ચે બનેલી ભ્રષ્ટાચારની ટાંકી છે. સુરતના કામરેજ તાલુકાના તડકેશ્વર ગામે ૨૧ કરોડના ખર્ચે પાણીની મસમોટી ટાંકી બનાવવામાં આવી હતી. હેતુ હતો હજારો ગ્રામીણોને પાણી પહોંચાડવાનો, પણ તંત્રની દાનત કદાચ માત્ર બજેટ સગેવગે કરવાની હતી. ટાંકી હજુ તો વપરાશમાં લેવાય તે પહેલા ટ્રાયલ રનમાં જ તૂટી પડી. આ કિસ્સામાં નાયબ કાર્યપાલક એન્જિનિયર જય ચૌધરી અને એન્જિનિયર રજનીકાંત ચૌધરીને સસ્પેન્ડ કરી દેવાયા છે, પણ જનતાનો સવાલ એ છે કે આટલા મોટા પ્રોજેક્ટમાં હલકી કક્ષાનું મટીરીયલ કોની મંજૂરીથી વપરાયું? બીજી તરફ, અમદાવાદના સારંગપુર સર્કલ પર ઉભેલી ૭૫ વર્ષ જૂની ટાંકીનો કિસ્સો ગૌરવપ્રદ છે. ૧૦ માળની ઊંચાઈ ધરાવતી આ ટાંકીને તોડવા માટે ગત ડિસેમ્બરથી મજૂરો મથી રહ્યા હતા, પરંતુ તેના મજબૂત કોંક્રીટ સામે હથોડા ટૂંકા પડ્યા. આખરે કોન્ટ્રાક્ટરે જોખમ ખેડીને ક્રેન દ્વારા ૮ ટનનું જેસીબી મશીન ટાંકીની ઉપર ઉતારવું પડ્યું. આ ટાંકીની ડિઝાઈન એવી હતી કે તે ૧૫૦૦ ટન વજન ખમી શકે, જે આજે પણ અશક્ય જેવું લાગે છે.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ આ મામલે સરકારને ઘેરી છે. તેમણે સવાલ કર્યો છે કે ૭૫ વર્ષ પહેલાં વગર કોઈ કોમ્પ્યુટર ડિઝાઈને આટલું મજબૂત કામ કેવી રીતે થયું અને આજે હજારો કરોડોના બજેટ છતાં નવી ટાંકીઓ કેમ આપમેળે પડી જાય છે? આ માત્ર એક અકસ્માત નથી, પણ પ્રજાના પરસેવાની કમાણી પર થઈ રહેલો સીધો પ્રહાર છે. સુરતની ઘટનામાં જવાબદાર એજન્સીનું પેમેન્ટ અટકાવી દેવાયું છે, પણ શું આ ટાંકી ફરી બનશે? અને તેના ખર્ચની જવાબદારી કોણ લેશે? તંત્રની આ ઘોર બેદરકારીએ સાબિત કર્યું છે કે ગુજરાતમાં હવે બાંધકામના નહીં પણ ભ્રષ્ટાચારના રેકોર્ડ બને છે.

**સુરતમાં 21 કરોડની નવી ટાંકી ધરાશાયી, અમદાવાદમાં 75 વર્ષ જૂની ટાંકી તોડવા JCB ચડાવવું પડ્યું. ભ્રષ્ટ તંત્રની પોલ ખોલતો અહેવાલ.**

# સુરત: આપ નેતા શ્રવણ જોશી જેલમાંથી છૂટ્યા ને ફરી અંદર

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત પોલીસ અને ખંડણીખોર ગેંગ વચ્ચેના જંગમાં આજે પોલીસે મોટું ઓપરેશન પાર પાડ્યું છે. લાજપોર જેલમાંથી જામીન પર મુક્ત થયેલા આમ આદમી પાર્ટીના નેતા શ્રવણ જોશીને જેલના ગેટ પર જ પોલીસે દબોચી લીધા હતા. આ કાર્યવાહી એટલી ગુપ્ત રાખવામાં આવી હતી કે શ્રવણ જોશીના સમર્થકોને કંઈ સમજાય તે પહેલા જ તેઓ પોલીસ જીપમાં સવાર થઈ ચૂક્યા હતા.

ડીસીપીએ ખુલાસો કર્યો છે કે આ ટોળકી ટેકનોલોજીનો દુરુપયોગ કરી ખંડણીનું નેટવર્ક ચલાવતી હતી. સસ્તા અનાજની દુકાનના વેપારીઓને ફેસબુક લાઈવ દ્વારા બદનામ કરવાની ધમકી આપી લાખોની ઉઘરાણી કરવામાં આવતી હતી. પોલીસ પાસે આવા બે વીડિયો પુરાવા છે જેમાં શ્રવણ જોશી વેપારીઓને ડરાવતા જોવા મળે છે. શ્રવણ જોશીએ આ ધરપકડને 'સરકારી ત્રાસ' ગણાવ્યો છે, પરંતુ પીડિત વેપારીઓ માટે આ કાર્યવાહી રાહતરૂપ સાબિત થઈ છે. માત્ર શ્રવણ જોશી જ નહીં, તેના સાગરીત સંપત ચૌધરી વિરુદ્ધ પણ પાસાની કાર્યવાહી કરાઈ છે. પોલીસના મતે, આ આરોપીઓ જેલની બહાર આવીને ફરી પુરાવાઓ સાથે છેડછાડ કરી શકે તેમ હતા, તેથી જેલમુક્તિના ૫૦ કદમની અંદર જ તેમને ફરી જેલભેગા કરી દેવાયા છે. હવે નેતાજીએ લાંબો સમય જેલના સળિયા પાછળ વિતાવવો પડશે.



# 21 ગુના, 15 મહિના ફરાર: કુખ્યાત અઝહર કિટલી આખરે ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં જેનું નામ સાંભળીને વેપારીઓ ફફડતા હતા, તે 'કિટલી ગેંગ'નો સુત્રધાર અઝહરૂદ્દીન ઉર્ફે કિટલી ઇસ્માઇલ શેખ આખરે પોલીસના હાથે ઝડપાયો છે. હત્યાનો પ્રયાસ, ખંડણી, અને જમીન પચાવી પાડવા જેવા ૨૧ ગંભીર ગુનાઓમાં વોન્ટેડ અઝહર છેલ્લા ૧૫ મહિનાથી પોલીસને હંફાવી રહ્યો હતો. હાઈકોર્ટમાંથી મળેલા જામીનની શરતોનો ભંગ કરીને તે ભરૂચ અને ખેડાના ફાર્મ હાઉસમાં આશરો લઈ રહ્યો હતો.

પોલીસે તેની ધરપકડ દરમિયાન ૨૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં ૧૬.૫૦ લાખ રૂપિયા રોકડા અને સાઉદી અરેબિયા, ઇરાક, યુએઈ તથા નેપાળ જેવા દેશોનું વિદેશી ચલણ સામેલ છે. આરોપીની ધરપકડમાં પોલીસની ટેકનિકલ નિષ્ફળતા સ્પષ્ટ દેખાય છે. અઝહર આટલો સમય ઈ-સીમ કાર્ડનો ઉપયોગ કરતો હતો, જેને ટ્રેસ કરવામાં પોલીસને એક વર્ષથી વધુ સમય લાગી ગયો. આટલા લાંબા સમય સુધી એક કુખ્યાત ગુનેગાર આઝાદ ફરે તે પોલીસ પેટ્રોલિંગ અને ઈન્ટેલિજન્સ સામે સણસણતો સવાલ છે.

પૂછપરછ દરમિયાન અઝહર મગરના આંસુ સારી રહ્યો છે. તે દાવો કરે છે કે રોકડ રકમ તેની માતાના દાગીના વેચીને મેળવી છે અને વિદેશી ચલણ તેની માતા હજ કરવા ગઈ હતી ત્યારનું છે. પરંતુ પોલીસને આ વાતમાં શંકા છે, કારણ કે તેની પાસે નેપાળ જેવા દેશોનું પણ ચલણ મળ્યું છે, જે સૂચવે છે કે તે કદાચ સરહદ ઓળંગીને ભાગવાની ફિરાકમાં હતો અથવા તેનું આંતરરાષ્ટ્રીય હવાલા નેટવર્ક સાથે જોડાણ છે. જુહાપુરામાં ગુંડાઓની કમર તોડવાના દાવા કરતી પોલીસ હવે આ કેસમાં મૂળ સુધી પહોંચે છે કે પછી આરોપીની બનાવટી વાર્તાઓ માની લે છે તે જોવાનું રહેશે.



**ગુજસીટોકના ગુનામાં 15 મહિનાથી ફરાર અઝહર કિટલીની ધરપકડ. વિદેશી ચલણ અને 16 લાખ રોકડ સાથે ઝડપાયો, પોલીસ તપાસ પર સવાલ.**

# ઉદ્યોગપતિ લવજી બાદશાહની 'કિયા કાર્નિવલ' બળીને ખાખ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના ખટોદરા વિસ્તારમાં આજે બપોરે ઉદ્યોગપતિ લવજીભાઈ ડાલીયા (લવજી બાદશાહ)ની માલિકીની 'કિયા કાર્નિવલ' કારમાં લાગેલી આગે સુરક્ષાના દાવાઓની પોલ ખોલી નાખી છે. અંદાજે 60 લાખની કિંમત ધરાવતી આ મોંઘીદાટ ગાડી જોગણી માતા મંદિર પાસે સળગી ઉઠી હતી. આગની આ ઘટના માત્ર અકસ્માત નથી, પરંતુ સર્વિસ સેન્ટરની ગંભીર લાપરવાહી હોવાનું જણાય છે. કાર સર્વિસ થયા બાદ કંપનીનો જ કર્મચારી તેને ડિલિવર કરવા જઈ રહ્યો હતો ત્યારે જ એન્જિનના ભાગેથી આગ ફાટી નીકળી હતી. ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને કૂદી જતાં જાનહાનિ ટળી હતી, પરંતુ સવાલ એ છે કે જો આ કારમાં પરિવાર કે કોઈ ઉદ્યોગપતિ સવાર હોત તો? શોરૂમમાંથી તાજી સર્વિસ થઈને નીકળેલી ગાડીમાં શોર્ટ સર્કિટ કેવી રીતે થાય? શું કંપનીના મિકેનિકોએ વાયરિંગમાં છબરડો કર્યો હતો? આ ભીષણ આગમાં સંપૂર્ણ કાર ખાખ થઈ ગઈ છે. ફાયર વિભાગે તપાસ શરૂ કરી છે, પરંતુ આ કિસ્સાએ સાબિત કર્યું છે કે 60 લાખ ખર્ચ્યા પછી પણ જો કંપનીની સર્વિસ સુરક્ષિત ન હોય, તો ગ્રાહકોના જીવનું જોખમ હંમેશા તોળાતું રહે છે.



# પત્નીની બેવફાઈ અને પોલીસની નિષ્ફળતાનો એક્ટિવા ચોર

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેરના હાઈ-પ્રોફાઈલ સુરક્ષા કવચમાં ગાબડું પાડીને એક રીઢા ચોરે પોલીસની આબરૂના લીરેલીરા ઉડાડ્યા છે. શાહીબાગમાં રહેતા હિતેશ જૈનની ધરપકડ બાદ જે ખુલાસા થયા છે તે પોલીસની કાર્યક્ષમતા સામે સણસણતા સવાલો ઉભા કરે છે. આ આરોપીએ શહેરના એવા કોઈ વિસ્તાર બાકી નથી રાખ્યા જ્યાં તેને એક્ટિવા ચોરી ન કરી હોય.

હિતેશ જૈન વિરુદ્ધ અત્યાર સુધીમાં ૭૧ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, છતાં તે જેલની બહાર આવીને ફરી ૧૫૦ જેટલા વાહનો ઉઠાવવામાં સફળ રહ્યો. તે પત્નીની બેવફાઈનો બદલો લેવા વાહન ચોરી કરતો હોવાનું 'ઈમોશનલ ડ્રામા' કરી રહ્યો છે, પરંતુ હકીકત એ છે કે તે કાયદાની છટકબારીઓનો ફાયદો ઉઠાવવામાં માહિર છે. તે ચોરીના એક્ટિવામાં પેટ્રોલ હોય ત્યાં સુધી ફરે અને પેટ્રોલ પૂરું થતા જ તેને રસ્તા પર લાવારિસ છોડી દેતો હતો. આ કિસ્સો સાબિત કરે છે કે પોલીસનું રાત્રિ પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ માત્ર સામાન્ય જનતાને હેરાન કરવા માટે જ છે. ૧૫૦ ગાડીઓ ચોરાઈ જાય ત્યાં સુધી તંત્ર શું કરતું હતું? જો એલસીબીએ બાતમીના આધારે પકડ્યો ન હોત, તો કદાચ આ આંકડો ૨૦૦ ને પાર કરી ગયો હોત. હાલ માત્ર ૫ ગાડીઓ મળી છે, બાકીના વાહનોના માલિકો ન્યાયની રાહ જોઈ રહ્યા છે.



# ઘાટલોડિયા: સ્કૂલના ટ્રસ્ટીને બાઉન્સર, વિદ્યાર્થીઓ ભગવાન ભરોસે

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી નેશનલ સ્કૂલ આજે 'શિક્ષણધામ' નહીં પણ 'રક્ષણધામ' ની જરૂર હોય તેવું લાગી રહ્યું હતું. સોમવારે ધોરણ ૧૦ ના એક વિદ્યાર્થી પર થયેલા ઘાતકી હુમલા બાદ આજે એબીવીપીના નેતૃત્વમાં વિદ્યાર્થીઓએ શાળાના ગેટ પર જોરદાર નારાબાજી કરી હતી. "વિદ્યાર્થીઓને ન્યાય આપો" ના નાદ સાથે સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.

વિવાદ ત્યારે વકર્યો જ્યારે આવેદનપત્ર લેવા આવેલા ટ્રસ્ટી રમેશ અમીનની આજુબાજુ બે ખડતલ બાઉન્સરો પહેરો આપી રહ્યા હતા. આ દ્રશ્ય જોઈને એબીવીપીના કર્ણાવતી મહાનગર સહમંત્રી પ્રિયમ ભાટીયાએ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે, "ગઈકાલે જ્યારે માસૂમ વિદ્યાર્થીને ઢોર માર મારવામાં આવ્યો અને તેના માથામાં ઇજા પહોંચાડાઈ, ત્યારે આ બાઉન્સરો ક્યાં હતા? શું આ સિક્યુરિટી માત્ર ફી ઉઘરાવતા ટ્રસ્ટીઓને જ બચાવવા માટે છે?" વધુ ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે એબીવીપીએ આક્ષેપ કર્યો કે આ શાળા માત્ર ડમી વિદ્યાર્થીઓ પર નિર્ભર છે અને અહીં કોઈ શૈક્ષણિક શિસ્ત નથી. આ આક્ષેપના જવાબમાં એક શિક્ષકે એવું વિવાદાસ્પદ નિવેદન આપ્યું કે "સ્કૂલ ભલે ડમી હોય, પણ અમે સુરક્ષા રાખીએ છીએ." આ નિવેદને બળતામાં ઘી હોમવાનું કામ કર્યું હતું. એબીવીપીએ માગ કરી છે કે શાળામાં તાત્કાલિક અસરથી મનોચિકિત્સકની નિમણૂક કરવામાં આવે, કારણ કે ઇન્સ્ટાગ્રામ અને સોશિયલ મીડિયાના રવાડે ચડીને વિદ્યાર્થીઓ હિંસક બની રહ્યા છે.

જોકે, ટ્રસ્ટી રમેશ અમીને તમામ આક્ષેપોને નકારતા બચાવ કર્યો હતો કે બાઉન્સરો વિદ્યાર્થીઓની સુરક્ષા માટે જ છે. પરંતુ, વાસ્તવિકતા એ છે કે હુમલા સમયે સુરક્ષા વ્યવસ્થા શૂન્ય હતી. શાળાએ હવે 'શિસ્ત સમિતિ' ની જાહેરાત કરી છે, પણ વાલીઓ પ્રશ્ન કરી રહ્યા છે કે શું લોહી વહેંચાયા પછી જ જાગવાનું તંત્રની આદત બની ગઈ છે? જો ૧૧ ફેબ્રુઆરી સુધીમાં યોગ્ય વ્યવસ્થા નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી અપાઈ છે.

**ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં ધોરણ ૧૦ ના વિદ્યાર્થી પર થયેલા હુમલાએ શાળાની સુરક્ષાની પોલ ખોલી નાખી છે. ટ્રસ્ટીઓ પોતાની સુરક્ષા માટે બાઉન્સરો રાખે છે, પરંતુ વિદ્યાર્થીઓ અસામાજિક તત્વોનો શિકાર બની રહ્યા છે. એબીવીપીએ ડમી સ્કૂલના આક્ષેપ સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.**

# AMC નો પ્લાસ્ટિક પ્રતિબંધ ફ્લોપ: ફેક્ટરીઓ ચાલુ ને જનતા હેરાન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં પ્લાસ્ટિક પ્રતિબંધનો અમલ કરવામાં મ્યુનિસિપલ કોર્પોરેશન સદંતર નિષ્ફળ નીવડ્યું છે. પર્યાવરણ માટે કેન્સર સમાન ૨૦ માઈક્રોનથી ઓછી પાતળી થેલીઓ આજે પણ શહેરના બજારોમાં સરેઆમ વેચાઈ રહી છે. તંત્રની રહેમનજર હેઠળ ચાલતા આ ગોરખધંધાએ જનતામાં રોષ જન્માવ્યો છે. અમદાવાદીઓ સાથેની વાતચીતમાં એક કડવું સત્ય સામે આવ્યું છે. મોટાભાગના જાગૃત નાગરિકો કાપડની થેલીનો ઉપયોગ કરવા માંગે છે, પરંતુ તંત્રની કામગીરી પર તેમને ભરોસો નથી. લોકો પૂછી રહ્યા છે કે, "તંત્ર માત્ર નાના લારી-ગલ્લાવાળાઓને દંડ કરીને પોતાની કામગીરી બતાવે છે, પરંતુ મોટા ઉત્પાદકો સુધી કેમ નથી પહોંચતું?" જે કંપનીઓમાં આ પ્રતિબંધિત માલ તૈયાર થાય છે તેના પર સીલ મારવાની હિંમત AMC ના અધિકારીઓ કેમ બતાવતા નથી? જો નબળી ગુણવત્તાનું પ્લાસ્ટિક બજારમાં આવતું બંધ થઈ જાય, તો છૂટક ઉપયોગ આપોઆપ અટકી જશે. પરંતુ લાગે છે કે તંત્રને સમસ્યાના મૂળમાં જવાને બદલે માત્ર દેખાડો કરવામાં જ રસ છે. કાપડની બેગનું વિતરણ એ માત્ર પબ્લિસિટી સ્ટંટ સાબિત થયો છે, કારણ કે જમીની સ્તરે પ્લાસ્ટિકનો કચરો શહેરના ગટર અને રસ્તાઓને જામ કરી રહ્યો છે.



# AMC ફાયર વિભાગની પરીક્ષા રદ: તંત્રની બેદરકારીનો ભોગ ઉમેદવારો

**દૈનિક પલ્સ સમાચાર**: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટી તંત્રની વધુ એક શરમજનક નિષ્ફળતા સામે આવી છે. ફાયર વિભાગમાં ૮ સહાયક સ્ટેશન ઓફિસરની ભરતી માટે આજે ૨૦ જાન્યુઆરીના રોજ લેવાયેલી લિમિટ પરીક્ષાને સિલેબસ બહારના પ્રશ્નોના વિવાદને પગલે રદ જાહેર કરવામાં આવી છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે AMC નો સેન્ટ્રલ ઓફિસ વિભાગ યોગ્ય રીતે ભરતી પ્રક્રિયાનું સંચાલન કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યો છે. વિગતો મુજબ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) ને આ પરીક્ષા લેવાની કામગીરી સોંપાઈ હતી. પરીક્ષા પૂર્ણ થતા જ ઉમેદવારોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે મોટાભાગના પ્રશ્નો જાહેર કરાયેલા સિલેબસ સાથે સુસંગત નહોતા. આ વિવાદ વધતા અધિકારીઓએ ઉતાવળે પરીક્ષા રદ કરી અને નવી તારીખ ૧૧ ફેબ્રુઆરી જાહેર કરી છે. ઉલ્લેખનીય છે કે, આ ભરતી પ્રક્રિયા શરૂઆતથી જ શંકાના દાયરામાં છે. ગત ડિસેમ્બરમાં વર્ગ ૩ અને ૪ ની આ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા લીધા વિના સીધા મૌખિક ઇન્ટરવ્યૂથી ભરતી કરવાની તૈયારી હતી. તે સમયે વિપક્ષ કોંગ્રેસે મોટું ભરતી કૌભાંડ થવાની આશંકા વ્યક્ત કરી હતી, જેના કારણે ઇન્ટરવ્યૂ રદ કરી લેખિત પરીક્ષા લેવાનો નિર્ણય લેવાયો હતો. જોકે, લેખિત પરીક્ષામાં પણ છબરડાઓ યથાવત રહેતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. એજન્સીને કામ સોંપીને અધિકારીઓ એસી ઓફિસોમાં બેસી રહે છે અને પેપરની ગુણવત્તા તપાસવાની તસ્દી પણ લેતા નથી. સિલેબસ બહારના પ્રશ્નો કેવી રીતે આવ્યા તેની તપાસની ખાતરી તો અપાઈ છે, પરંતુ આ બેદરકારીને કારણે જે ૩૨ ઉમેદવારોની મહેનત પાણીમાં ગઈ છે તેની જવાબદારી કોણ લેશે? શું એજન્સી સામે કોઈ દંડાત્મક કાર્યવાહી થશે કે પછી દર વખતની જેમ ભીનું સંકેલી લેવાશે? અમદાવાદ કોર્પોરેશનની આ નિષ્ફળતાએ બેરોજગાર યુવાનો સાથેની ક્રૂર મજાક સમાન છે.

**અમદાવાદ કોર્પોરેશનના ફાયર વિભાગમાં ભરતીનો મામલો ફરી એકવાર વિવાદના વંટોળે ચડ્યો છે. ૨૦ જાન્યુઆરીના રોજ લેવાયેલી સહાયક સ્ટેશન ઓફિસરની પરીક્ષામાં સિલેબસ બહારના પ્રશ્નો પૂછવામાં આવતા ઉમેદવારોએ હોબાળો મચાવ્યો હતો. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી જેવી એજન્સીની ક્ષમતા સામે પણ સવાલો ઉઠ્યા છે. અગાઉ માત્ર ઇન્ટરવ્યૂથી ભરતી કરવાના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ લેખિત પરીક્ષા યોજાઈ હતી, પણ તેમાંય તંત્રની અણઆવડત છતી થઈ છે. આખરે પરીક્ષા રદ કરી હવે ૧૧ ફેબ્રુઆરીએ નવી તારીખ જાહેર કરાઈ છે, જે તંત્રની મોટી નાલેશી સમાન છે.**

# ઈસનપુર: વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ખંડણી માંગનાર ઝડપાયો

## ઇસનપુર: ખંડણીખોર રફીક વેપારીની ધરપકડ, કાઢ્યો વરઘોડો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના ઇસનપુર વિસ્તારમાં સોશિયલ મીડિયા અને ડિજિટલ માધ્યમોના દુરુપયોગ દ્વારા બ્લેકમેલિંગ કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઇસનપુર પોલીસે એક ગંભીર ફરિયાદના આધારે રફીક વેપારી નામના વ્યક્તિને ધરપકડ કરી છે, જેણે ૧.૫૦ લાખ રૂપિયાની ખંડણી માટે એક શખ્સને મજબૂર કર્યો હતો.

પીડિતના જણાવ્યા અનુસાર, રફીક વેપારી પાસે તેનો એક વાંધાજનક વીડિયો હતો, જેને તે હથિયાર બનાવીને રૂપિયાની માંગણી કરી રહ્યો હતો. રફીકે સ્પષ્ટ શબ્દોમાં ધમકી આપી હતી કે જો રૂપિયા દોઢ લાખ નહીં મળે તો આ વીડિયો જાહેર કરવામાં આવશે અને પીડિતને સામાજિક બદનામી વેઠવી પડશે. જોકે, પીડિતે હિંમત હાર્યા વગર ઇસનપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ઇન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ ટીમે આરોપીને છટકું ગોઠવીને પકડી પાડ્યો હતો. પોલીસે માત્ર ધરપકડ જ નહીં, પરંતુ આવા ગંભીર અપરાધ કરનારા તત્વોને કડક સંદેશ આપવા માટે રફીક વેપારીનો વરઘોડો કાઢ્યો હતો. પોલીસ આ વરઘોડા મારફતે એ જણાવવા માંગે છે કે કાયદો કોઈને છોડશે નહીં. રફીકની પૂછપરછમાં એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે તેની પાસે આ વીડિયો ક્યાંથી આવ્યો અને શું તેણે અગાઉ પણ કોઈને આ રીતે બ્લેકમેલ કર્યા છે કે કેમ? પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે જો કોઈ વ્યક્તિ આવા ઓનલાઇન કે ઓફલાઇન વીડિયો દ્વારા બ્લેકમેલિંગનો શિકાર બને, તો ગભરાયા વગર પોલીસનો સંપર્ક કરે. હાલમાં આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઇસનપુર પોલીસ આ મામલાના તમામ પુરાવાઓ એકત્રિત કરી રહી છે જેથી આરોપીને કડક સજા મળી શકે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**અમદાવાદના ઇસનપુરમાં વાંધાજનક વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ૧.૫૦ લાખની ખંડણી માંગનાર રફીક વેપારીને પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીનો વરઘોડો કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ શરૂ કરી છે.**

# વસ્ત્રાપુર હાટ: ક્રાફ્ટરૂટ પ્રદર્શનમાં સ્વદેશી કલાનો સંગમ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે આજે હસ્તકલા જગતનું પ્રતિષ્ઠિત 'ક્રાફ્ટરૂટ' પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં ભારતભરના ખૂણેખૂણેથી આવેલા કારીગરોની હસ્તકલાની વિવિધ કૃતિઓ ભારતીય પરંપરા અને ગૌરવને ઉજાગર કરી રહી છે. ક્રાફ્ટરૂટના સંસ્થાપક સુશ્રી અનારબહેન પટેલ દ્વારા છેલ્લા ઘણા સમયથી કારીગરોને પ્રોત્સાહન આપવા અને તેમને ગ્રાહકો સાથે સીધા જોડવા માટે પ્લેટફોર્મ આપવામાં આવે છે. આ આયોજનને કારણે અંતરિયાળ વિસ્તારોના કારીગરોની કલા શહેરી ગ્રાહકો સુધી પહોંચી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ 'વોકલ ફોર લોકલ' સંકલ્પને ચરિતાર્થ કરવા માટે આ પ્રદર્શન એક મહત્વનું માધ્યમ બન્યું છે. સરકાર પણ આવા કારીગરોને આધુનિક બજાર અને તકો પૂરી પાડવા માટે પ્રયત્નશીલ છે. અમદાવાદના કલાપ્રેમીઓને આહવાન કરવામાં આવ્યું છે કે તેઓ હસ્તકલાના આ મહોત્સવમાં સહભાગી બને. મશીનથી બનેલી વસ્તુઓને બદલે હાથવણાટ અને કલાત્મક સ્વદેશી ઉત્પાદનો ખરીદીને કારીગરોને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થાય. આ પ્રદર્શન માત્ર વેચાણનું કેન્દ્ર નથી, પરંતુ ભારતની વિરાસતને જીવંત રાખવાનો એક નમ્ર પ્રયાસ છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# ઓઢવમાં નકલી દારૂનું કૌભાંડ ઝડપાયું: મહીલાની ધરપકડ, મુદ્દામાલ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં રહેણાંક મકાનમાં જ ચાલતી નકલી દારૂ બનાવવાની 'મિની ફેક્ટરી' પોલીસે ઝડપી પાડી છે. ઓઢવ પોલીસ સ્ટેશનના પી.આઈ. અને સર્વેલન્સ સ્કોડની ટીમે સંયુક્ત રીતે આ કાર્યવાહી કરી છે. આદિનાથનગર પાસેની અરિહંતબાગ સોસાયટીમાં એક દંપતી છેલ્લા કેટલાક સમયથી સસ્તા દારૂને મોંઘી બ્રાન્ડ તરીકે રજૂ કરી વેચવાનું વ્યવસ્થિત કૌભાંડ ચલાવી રહ્યું હતું. બાતમી મુજબ, પોલીસે જ્યારે મકાન નંબર સી/૧૫૪ માં દરોડો પાડ્યો ત્યારે ત્યાંથી વિવિધ બ્રાન્ડની દારૂની ખાલી બોટલો, સ્ટીકરો અને સીલ કરવાના ઢાંકણા મળી આવ્યા હતા. આરોપીઓની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તેઓ સસ્તા દરનો વિદેશી દારૂ ખરીદી લાવતા અને તેમાં પાણીનું મિશ્રણ કરીને તેને પોલીથીનની થેલીઓમાં સંગ્રહ કરતા હતા. ત્યારબાદ આ દારૂને મોંઘી બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરી દેવામાં આવતો હતો. બોટલ અસલી લાગે તે માટે તેના પર નકલી સ્ટીકરો લગાવી અને નવા ઢાંકણા ફિટ કરી તેને ઊંચા ભાવે વેચવામાં આવતો હતો. આ દારૂ પીનારા વ્યક્તિને ખબર પણ ન પડે તે રીતે આખું સેટઅપ ગોઠવવામાં આવ્યું હતું.

પોલીસે સ્થળ પરથી ૩૫ સીલબંધ બોટલો જેની કિંમત ૧.૬૨ લાખ છે અને ૩૩ લિટર લુઝ દારૂ જેની કિંમત ૫૭ હજાર છે તે કબજે કર્યો છે. આ ઉપરાંત ૧૮૯ ઢાંકણા અને અન્ય પેકિંગ મટીરીયલ મળી કુલ ૨.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે ૪૦ વર્ષીય લક્ષ્મીબેન અલ્પેશભાઈ શાહની ધરપકડ કરી છે, જ્યારે તેનો પતિ અલ્પેશ શાહ નાસી છૂટવામાં સફળ રહ્યો છે. ઓઢવ પોલીસે પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. રહેણાંક વિસ્તારમાં ચાલતી આવી પ્રવૃત્તિઓએ સ્થાનિક રહીશોમાં પણ ચિંતા જગાવી છે.



**નવસારીમાં અઢી કરોડના ફ્લાવર શો સામે રોષ. પીવાનું પાણી અને રસ્તાના ઠેકાણા નથી ત્યારે ફૂલોના નામે કમિશનનો ખેલ ખેલાઈ રહ્યો હોવાનો આક્ષેપ.**

# વોટ ચોરી મુદ્દે કોંગ્રેસના ધરણા: કલેક્ટર કચેરીએ હંગામો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ કલેક્ટર કચેરી આજે કોંગ્રેસના વિરોધ પ્રદર્શનને પગલે છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. કોંગ્રેસનો આક્ષેપ છે કે SIR ની કામગીરી દરમિયાન BLO દ્વારા મતદારોની મંજૂરી વિના ફોર્મ ૭ ભરીને લાખો મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. આ મુદ્દે શહેર કોંગ્રેસના નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ રજૂઆત કરવા પહોંચ્યા હતા.

કલેક્ટર કચેરીના મુખ્ય ગેટ પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો, જેના કારણે કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. અંદર પ્રવેશ ન મળતા નેતાઓએ ગેટ બહાર બેસીને 'ભાજપ હાય હાય' અને 'પ્રશાસન મુર્દાબાદ' ના નારા લગાવ્યા હતા. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પણ આ બાબતે ચૂંટણી પંચને પત્ર લખ્યો છે. અંતે, પોલીસ સાથેની રજકઝક બાદ માત્ર પાંચ લોકોને જ અંદર જવાની મંજૂરી મળી હતી. કોંગ્રેસે માંગ કરી છે કે ફોર્મ ૬, ૭ અને ૮ ની તમામ વિગતો જાહેર કરવામાં આવે જેથી પારદર્શિતા જળવાય.



**અમદાવાદમાં વોટ ચોરી અને ફોર્મ 7 મુદ્દે કોંગ્રેસનું કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન. પોલીસ સાથે ઘર્ષણ બાદ કલેક્ટરને કરાઈ રજૂઆત.**



**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# સારસપુરમાં 45 મકાનોનું ડિમોલિશન: અસરગ્રસ્તોને મળશે નવા મકાન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ: શહેરના સારસપુર વિસ્તારમાં સંજયનગર છાપરા વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા ૪૫ મકાનોનું ડિમોલિશન કરવામાં આવ્યું છે. રસ્તા પહોળા કરવા અથવા અન્ય વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે કરવામાં આવેલી આ કામગીરીને કારણે સ્થાનિક રહીશોમાં આક્રોશ અને દુ:ખની લાગણી જોવા મળી હતી. એકાએક ઘર છીનવાઈ જવાથી મહિલાઓ અને બાળકો મુશ્કેલીમાં મુકાયા હતા.

આ માનવીય સમસ્યાના ઉકેલ માટે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર પરિષદના ચેરમેન મજ્જુ શેખ, સામાજિક કાર્યકર ઈમરાન અન્સારી તેમજ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના પીએ કમલેશ કટારિયાએ સંયુક્ત મોરચો માંડ્યો હતો. આ પ્રતિનિધિમંડળે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની મુલાકાત લીધી હતી અને બેઘર થયેલા પરિવારોના પુનર્વસન અંગે કડક રજૂઆત કરી હતી. બેઠક દરમિયાન મજ્જુ શેખે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈપણ પરિવારને વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા વિના વિસ્થાપિત કરવા તે માનવાધિકારનું ઉલ્લંઘન છે. ધારાસભ્યના પીએ દ્વારા પણ આ મામલે સરકાર અને તંત્ર ગંભીર બને તેવી માંગણી કરવામાં આવી હતી. કોર્પોરેશનના અધિકારીઓએ દસ્તાવેજો અને અસરગ્રસ્તોની સંખ્યાની પ્રાથમિક વિગતો મેળવી હતી.

ચર્ચાના અંતે, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે ખાતરી આપી છે કે કોર્પોરેશનની નીતિ મુજબ પાત્રતા ધરાવતા તમામ ૪૫ પરિવારોને પુનર્વસન હેઠળ આવાસ ફાળવવામાં આવશે. આ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માટે સંબંધિત વિભાગને સૂચના આપી દેવામાં આવી છે. સામાજિક કાર્યકરોએ આ ખાતરીને આવકારી છે પરંતુ જણાવ્યું છે કે જ્યાં સુધી પ્રત્યેક પરિવારને ચાવી ન મળે ત્યાં સુધી તેમનો લડત ચાલુ રહેશે. અત્યારે તો અસરગ્રસ્ત પરિવારો વહેલી તકે નવી છત મળે તેની રાહ જોઈ રહ્યા છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**અમદાવાદના સારસપુરમાં 45 મકાનો તોડી પડાયા. જિગ્નેશ મેવાણીના પીએ અને માનવાધિકાર પરિષદે રજૂઆત કરતા AMC એ આવાસની ખાતરી આપી.**

# હિરાના મુવાડા: રામદેવપીર મંદિરે મહાબીજની આસ્થાભેર ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** ગળતેશ્વર: ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં આવેલ હિરાના મુવાડા ગામે આજે મહા સુદ બીજના પાવન પર્વે આસ્થાનો સાગર છલકાયો હતો. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રામદેવપીર મંદિર ખાતે સમગ્ર સમાજ દ્વારા અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. રામદેવજી ભગવાનમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા હજારો શ્રદ્ધાળુઓએ આ પ્રસંગે હાજરી આપી હતી.

શાસ્ત્રોક્ત રીતે મહા સુદ બીજનું અનેરું મહત્વ છે, જેને પગલે વહેલી સવારથી જ મંદિરમાં પૂજા અને મહાઆરતીનું આયોજન થયું હતું. ભક્તોએ નેજા ચડાવી પોતાની માનતાઓ પૂર્ણ કરી હતી. હીરાના મુવાડા ગામના રસ્તાઓ ભક્તોની ભીડથી ઉભરાઈ ગયા હતા. દર્શનાર્થીઓ માટે પીવાના પાણી અને છાંયડાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ભક્તોએ જણાવ્યું હતું કે, હિરાના મુવાડામાં રામદેવપીર મહારાજનું સ્થાનક ખૂબ જ જાગૃત છે અને અહીં આવવાથી શાંતિનો અનુભવ થાય છે. મંદિર સમિતિ અને ગ્રામજનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રદ્ધાળુઓની સુવિધાનું પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું હતું. ભજન અને સત્સંગથી સમગ્ર ગામ ભક્તિમય બની ગયું હતું, જે મોડી રાત સુધી ચાલ્યું હતું.

**રિપોર્ટ : હસમુખ નાયક**



# યાત્રાધામ ડાકોરમાં ૧૦ વર્ષ બાદ સરકારી પાર્કિંગ શરૂ થતા ભક્તોને મોટી રાહત.

**દૈનિક પલ્સ સમાચાર:** ડાકોર: ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં આવતા દર્શનાર્થીઓ માટે સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી સરકારે વર્ષો પહેલા ૧૬ કરોડથી વધુના માતબર ખર્ચે આધુનિક પાર્કિંગ અને ગાર્ડન પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો. પરંતુ વહીવટી ઉદાસીનતા અને કોન્ટ્રાક્ટરોના અભાવે આ પ્રોજેક્ટ છેલ્લા ૧૦ વર્ષથી ધૂળ ખાઈ રહ્યો હતો. આજે સ્થિતિ એવી હતી કે આ કરોડોનો પ્રોજેક્ટ ખંડેરમાં ફેરવાઈ ગયો હતો. જોકે, હવે આખરે આ પ્રોજેક્ટને ફરીથી જીવંત કરવાના ચક્રો ગતિમાન થયા છે. વિગતો મુજબ, ૨૦૧૬માં પાર્કિંગનું છેલ્લું ટેન્ડર બહાર પડ્યું હતું, પરંતુ ત્યારબાદ કોઈ પણ એજન્સીએ પાર્કિંગ સંચાલવાની જવાબદારી ન લેતા તે બંધ રહ્યું હતું. જાળવણી વગર ગાર્ડન અને પાર્કિંગ વિસ્તારમાં લગાવવામાં આવેલી અનેક કિંમતી વસ્તુઓની ચોરી થઈ હતી અને પ્રોજેક્ટ વિવાદોના વંટોળમાં ફસાયો હતો. ડાકોર આવતા ભક્તોને પોતાના વાહનો રોડ પર અથવા ખાનગી પાર્કિંગમાં મસમોટા ભાવ આપીને મૂકવા પડતા હતા, જેમાં અવારનવાર લૂંટની ફરિયાદો પણ ઉઠતી હતી. હવે ૧૦ વર્ષ બાદ પાર્કિંગના ટેન્ડરની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. ૧૫ લાખથી વધુના ખર્ચે આ ટેન્ડર લેવામાં આવ્યું છે, જેનો અર્થ છે કે હવે ટૂંક સમયમાં જ સરકારી ભાવે વાહનો પાર્ક કરવાની સુવિધા શરૂ થશે. આ નિર્ણયથી ડાકોરમાં પાર્કિંગ માફિયાઓનો દબદબો ઓછો થશે અને ભક્તોને આર્થિક રાહત મળશે.

બીજી તરફ, ડાકોરના મુખ્ય બજારો અને ગોમતી ઘાટ તરફ જવાના માર્ગો પર પાર્કિંગના કારણે જે ટ્રાફિક જામ સર્જાતો હતો, તેમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળશે. આ પ્રોજેક્ટમાં ગાર્ડનનો પણ સમાવેશ થતો હોવાથી યાત્રિકોને વિશ્રામ માટે એક સુંદર સ્થળ મળી રહેશે. તંત્રની આ કામગીરીથી યાત્રાધામનો વિકાસ વેગીલો બનશે અને ભક્તોમાં પણ હર્ષની લાગણી ફેલાઈ છે. આ પાર્કિંગ શરૂ થવાથી ડાકોરની કાયાપલટ થવાની આશા સેવાઈ રહી છે.

**રિપોર્ટ : હસમુખ નાયક**



**ડાકોરમાં 10 વર્ષથી બંધ પડેલું સરકારી પાર્કિંગ હવે શરૂ થશે. 15 લાખના ટેન્ડર સાથે ભક્તોને ખાનગી પાર્કિંગની લૂંટમાંથી મુક્તિ મળશે.**

# ગળતેશ્વરના કુણી ગામે મહાબીજની ભવ્ય ઉજવણી: શોભાયાત્રા અને ભંડારો

## કુણી ગામ: રામદેવપીર મંદિરે મહાબીજની ભક્તિમય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં આવેલ કુણી ગામ આજે 'જય બાબારી' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬, મંગળવારના રોજ કુણી ગામના રામદેવપીર મંદિર ખાતે મહાબીજના પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા સાત વર્ષથી ઉજવાતા આ મહોત્સવમાં આ વર્ષે પણ ભક્તોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારના સમયે ડીજે અને વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં ગ્રામજનો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ જોડાયા હતા. કુણી ગામના રામદેવપીર મહારાજનું ધામ ખૂબ જ ભવ્ય આયોજન સાથે બનાવેલું હોવાથી આજુબાજુના ગામો જેવા કે મેનપુરા, સેવનીયા, હળમતિયા અને વાળીનાથથી ભક્તો વિશેષ દર્શન કરવા ઉમટ્યા હતા. ઉજવણીના ભાગરૂપે સાંજે વિશાળ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુણી ગામના સમગ્ર સમાજ અને આસપાસના ગામોમાંથી આવેલા દર્શનાર્થીઓએ આ પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગને સફળ બનાવવા માટે ગામના યુવાનો અને વડીલોએ ખભેખભા મિલાવીને મહેનત કરી હતી. દર વર્ષે આ ઉત્સવનો મહિમા વધી રહ્યો છે અને તે પંથકમાં આસ્થાના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યો છે. ધાર્મિક માહોલ અને સામાજિક એકતાના દર્શન આ ઉજવણીમાં જોવા મળ્યા હતા. **રિપોર્ટ : હસમુખ નાયક**



**ખેડાના ગળતેશ્વર તાલુકાના કુણી ગામે રામદેવપીર મંદિરે મહાબીજની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ડીજે અને શોભાયાત્રા સાથે નીકળેલી આ યાત્રામાં આજુબાજુના ગામના ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. સાંજે મહાપ્રસાદ અને ભંડારાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.**

# દેવરાજ ધામ મોડાસા રામાપીર દર્શન

## દેવરાજ ધામમાં રામાપીરના દર્શન: બીજેપી નેતાની ભક્તિ

**દૈનિક પલ્સ સમાચાર:** આસ્થા અને શ્રદ્ધાના સંગમ સમાન મોડાસાના દેવરાજ ધામ ખાતે આજે બીજના મંગળ પર્વે વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ અવસરે કપડવંજ તાલુકા પંચાયતના સદસ્ય અને ભારતીય જનતા પાર્ટીના મજબૂત નેતા ધુળસિંહ સોલંકી (ભુગળિયા) એ દેવરાજ ધામ ખાતે દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ધુળસિંહ સોલંકીએ પરમ પૂજ્ય રામાપીરના ચરણોમાં વંદન કરી લોકસેવા અને વિકાસના કાર્યોમાં ઈશ્વર શક્તિ આપે તેવી મનોકામના કરી હતી. સદસ્યશ્રીએ આ મુલાકાત દરમિયાન પૂજ્ય ધનગીરી મહારાજના ચરણસ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા. પૂજ્ય મહારાજે પણ ધુળસિંહ સોલંકીના જનસેવાના કાર્યોને બિરદાવી તેમને શુભાશિષ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ધુળસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, "સંતોનું સાનિધ્ય અને ભગવાનના દર્શન એ જીવનની શ્રેષ્ઠ મૂડી છે. દેવરાજ ધામની દિવ્યતા હંમેશા જનતાની સેવા કરવા માટે પ્રોત્સાહિત કરે છે." આ ધાર્મિક મુલાકાત દરમિયાન તેમના સમર્થકો અને ભક્તો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર દેવરાજ ધામ 'જય અલખધણી' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું, જે ભાજપના નેતાની આધ્યાત્મિક રુચિને પણ ઉજાગર કરે છે.

**રિપોર્ટ : દિપક પરમાર**



# ગુજરાત પોલીસ ભરતી: ભરૂચમાં શારીરિક કસોટીનો આજથી પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત પોલીસમાં ખાલી પડેલી PSI અને લોકરક્ષકની ૧૩,૫૯૧ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયાના સૌથી મહત્વના તબક્કા એટલે કે શારીરિક કસોટીનો આજથી રાજ્યભરમાં પ્રારંભ થયો છે. આ કસોટી માટે ભરૂચ જિલ્લાને એક મુખ્ય કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવ્યું છે, જ્યાં આગામી બે મહિનામાં અંદાજે ૬૦,૦૦૦ જેટલા ઉમેદવારો પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરશે.

આ ભગીરથ આયોજનને સફળ બનાવવા માટે ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. વડોદરા રેન્જ આઈજી સંદીપ સિંઘ અને ભરૂચ એસપી અક્ષયરાજ મકવાણાએ ગ્રાઉન્ડનું બારીકાઈથી નિરીક્ષણ કરી આખરી ઓપ આપ્યો હતો. દરરોજ અંદાજે ૧,૬૦૦ ઉમેદવારો દોડ, ઊંચાઈ, વજન અને છાતીના માપદંડોમાંથી પસાર થશે. આ પ્રક્રિયા ૧૩ માર્ચ સુધી સતત ચાલવાની છે. ઉમેદવારોની સુવિધાને પ્રાધાન્ય આપતા, પોલીસ વિભાગે રહેવાની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરી છે, જે દૂરના અંતરેથી આવતા ઉમેદવારો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. રજીસ્ટ્રેશનથી લઈને શારીરિક માપણી સુધીની તમામ વિગતો ડિજિટલી સ્ટોર કરવામાં આવશે જેથી પારદર્શિતા જળવાઈ રહે. ગ્રાઉન્ડ પર મેડિકલ ટીમ અને એમ્બ્યુલન્સ ચોવીસ કલાક તૈનાત રહેશે. જિલ્લા પોલીસ વડાએ અધિકારીઓને સૂચના આપી છે કે કસોટી દરમિયાન હેડક્વાર્ટરની આસપાસ ટ્રાફિક જામ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે. આ શારીરિક કસોટી યુવાનોના સપના સાકાર કરવા માટેનું પ્રથમ પગથિયું છે, ત્યારે ભરૂચ પોલીસ તંત્ર એક ઉત્તમ યજમાનની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. પારદર્શક ભરતી અને ઉમેદવારોની સુવિધા એ આ વખતની ભરતી પ્રક્રિયાનું મુખ્ય પાસું રહ્યું છે. **રિપોર્ટ : કેતન મહેતા**



**ગુજરાત પોલીસની 13,591 જગ્યાઓ માટે ભરૂચમાં આજથી શારીરિક કસોટી શરૂ. 60 હજાર ઉમેદવારો માટે રહેવા-જમવાની વિશેષ વ્યવસ્થા.**

# કુંકાવાવ: નાજાપુરમાં શોભાના ગાંઠિયા સમાન CCTV કેમેરા

**દૈનિક પલ્સ સમાચાર**: કુંકાવાવ તાલુકાનું નાજાપુર ગામ અત્યારે રામ ભરોસે હોય તેમ લાગી રહ્યું છે. ગ્રામ પંચાયત અને જવાબદાર તંત્રની ઘોર બેદરકારીને કારણે ગામની સુરક્ષા માટે લગાવેલા CCTV કેમેરા છેલ્લા છ મહિનાથી ધૂળ ખાઈ રહ્યા છે. જે કેમેરાનો હેતુ ગુનાહિત પ્રવૃત્તિઓ પર નજર રાખવાનો હતો, તે જ અત્યારે બંધ હાલતમાં હોવાથી ગુનેગારો બેફામ બન્યા છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે ચોરી અને અસામાજિક તત્વોનો ત્રાસ વધ્યો છે, ત્યારે આ કેમેરાની મરામત અત્યંત અનિવાર્ય છે. રજૂઆતોના થોથા કચેરીઓમાં પડ્યા છે, પરંતુ રિપેરિંગ માટે એક પણ અધિકારી ફરક્યો નથી. સરકારી નાણાંનો વ્યય કરીને લગાવાયેલા સાધનોની જાળવણી ન કરવી એ તંત્રની ગુનાહિત નિષ્ક્રિયતા છે. જો તાત્કાલિક અસરથી આ કેમેરા ચાલુ કરવામાં નહીં આવે, તો ગ્રામજનોએ આંદોલનાત્મક રસ્તો અપનાવવાની ચીમકી ઉચ્ચારી છે. **રિપોર્ટ : મનીષ રામાણી**



**કુંકાવાવના નાજાપુરમાં 6 મહિનાથી CCTV કેમેરા બંધ. ચોરીના ભય વચ્ચે ગ્રામ પંચાયતની બેદરકારી સામે આક્રોશ.**




# ઓડિયો કાંડ બાદ અંકલેશ્વર પાલિકા પ્રમુખે ચાર્જ છોડ્યો, ઉપપ્રમુખને સત્તા

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વર નગરપાલિકામાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા કથિત ભ્રષ્ટાચારના 'ઓડિયો ટેપકાંડે' આખરે એક મોટું રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. પાલિકાના વર્તમાન પ્રમુખ લલિતાબેન રાજપુરોહિતે અચાનક જ પોતાનો ચાર્જ ઉપપ્રમુખ ભાવેશ કાયસ્થને સોંપી દેતા પાલિકાના રાજકારણમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. આ નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે આગામી ૨૨ જાન્યુઆરીએ પાલિકાની મહત્વની સામાન્ય સભા યોજાવાની છે.

વાયરલ થયેલી કથિત ઓડિયો ક્લિપમાં ભ્રષ્ટાચારની વાતો વહેતી થયા બાદ વિપક્ષ કોંગ્રેસ આક્રમક મૂડમાં હતું. કોંગ્રેસે ચીમકી આપી હતી કે જ્યાં સુધી પ્રમુખ પદ પરથી નહીં હટે ત્યાં સુધી સામાન્ય સભા ચાલવા દેવામાં આવશે નહીં. સત્તાધારી પક્ષ ભાજપે પોતાની છબી ખરડાતી બચાવવા માટે પ્રમુખને હંગામી ધોરણે હટાવવાનો આ રસ્તો શોધ્યો હોવાનું રાજકીય નિષ્ણાતો માની રહ્યા છે. પ્રમુખે આપેલા પત્રમાં તબિયત નાદુરસ્ત હોવાનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ શહેરની જનતામાં આ વાત ગળે ઉતરી રહી નથી.

આજે સવારથી જ પાલિકા કચેરી ખાતે કોંગ્રેસના નગરસેવકોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષી નેતાઓનું કહેવું છે કે માત્ર ચાર્જ સોંપવાથી કંઈ વળશે નહીં, ભ્રષ્ટાચારની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને જવાબદારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. ચાર્જ સોંપણીની આ પ્રક્રિયા બાદ હવે ભાવેશ કાયસ્થ પર સામાન્ય સભાનું સંચાલન કરવાની જવાબદારી આવી છે.

શું ૨૨ જાન્યુઆરીની સભા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થશે? કે પછી વિપક્ષ પ્રમુખના રાજીનામાની જીદ પર અડી રહેશે? આ પ્રશ્ન અત્યારે કેન્દ્ર સ્થાને છે. જોકે, આ આખી ઘટનાએ અંકલેશ્વર ભાજપમાં અંદરખાને ચાલતા અસંતોષ અને જૂથબંધીને પણ સપાટી પર લાવી દીધી છે. આવનારા દિવસોમાં આ વિવાદ વધુ વકરશે કે પછી નવા નેતૃત્વ હેઠળ મામલો થાળે પડશે તે જોવું રહ્યું. **રિપોર્ટ : કેતન મહેતા**



**અંકલેશ્વર નગરપાલિકામાં કથિત ભ્રષ્ટાચારના ઓડિયો ટેપકાંડ બાદ રાજકીય ગરમાવો. પ્રમુખ લલિતાબેને ઉપપ્રમુખને ચાર્જ સોંપી દીધો છે.**

# ભાવનગર: રહેણાંક મકાનમાંથી 588 દારૂની બોટલ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગરની પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા આજે એક મોટી સફળતા મેળવવાનો દાવો કરવામાં આવ્યો છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે શહેરના ભરચક રહેણાંક વિસ્તારોમાં દારૂનો વેપલો બેલગામ બની ચૂક્યો છે. બાતમીના આધારે ઘોઘારોડ, ચકુતલાવડી સામે આવેલી કૈલાસ સોસાયટીમાં કરવામાં આવેલી રેડમાં રૂ. ૭.૪૦ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો છે. આરોપીઓ લખન ઉર્ફે લખો, સુનીલ અને કરશને ભેગા મળીને પ્લોટ નં. ૬૨ ના રહેણાંક મકાનનો ઉપયોગ દારૂના સંગ્રહ માટે કર્યો હતો. રેડ દરમિયાન પોલીસે ૧૩,૦૦૦ થી વધુ કિંમતની વ્હિસ્કી અને સાત લાખથી વધુની કિંમતની રમની બોટલો જપ્ત કરી છે. જોકે, પોલીસ માત્ર એક જ આરોપી લખનને પકડી શકી છે, જ્યારે તેના મુખ્ય સાગરીતો સુનીલ અને કરશન મકવાણા ભાગવામાં સફળ રહ્યા છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે સ્થાનિક પોલીસની નાક નીચે બુટલેગરો નિર્ભય રીતે દારૂની હેરફેર કરી રહ્યા છે. જે સોસાયટીમાં પરિવારો રહેતા હોય ત્યાં આટલી મોટી માત્રામાં દારૂનો જથ્થો ઉતારવો એ સુરક્ષા વ્યવસ્થા સામે મોટો સવાલિયા નિશાન છે. ભરતનગર પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે, પરંતુ વોન્ટેડ આરોપીઓ ક્યારે પકડાય છે તે જોવું રહ્યું. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



# રાજકોટ એસટીની આવકમાં ઉછાળો: લગ્નગાળાને લીધે દૈનિક રૂ. 70 લાખની કમાણી

**દૈનિક પલ્સ સમાચાર:** તાજેતરમાં કમુહૂર્તાની પૂર્ણાહુતિ બાદ લગ્નગાળાની સીઝન પૂરજોશમાં શરૂ થઈ છે. આ સામાજિક પ્રસંગોના ધસારાનો સૌથી વધુ લાભ રાજકોટ એસટી વિભાગને મળી રહ્યો છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતા રાજકોટ બસ પોર્ટ પર ચિચિયારીઓ અને ભીડનો માહોલ જોવા મળી રહ્યો છે. એસટી વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, લગ્નગાળાના કારણે નિગમની દૈનિક આવક જે અગાઉ રૂ. ૬૦ થી ૬૨ લાખ હતી, તે હવે ઉછળીને રૂ. ૭૦ લાખને પાર કરી ગઈ છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના આંતરિક રૂટો જેવા કે જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને સુરેન્દ્રનગર તરફ જતી બસોમાં પગ મૂકવાની પણ જગ્યા નથી. લાંબા અંતરના રૂટો, ખાસ કરીને અમદાવાદ અને ઉત્તર ગુજરાત તરફના ઓનલાઈન બુકિંગ એક અઠવાડિયા અગાઉથી જ પેક થઈ રહ્યા છે.

મુસાફરોની સુવિધા માટે રાજકોટ એસટી તંત્રએ ખાસ વ્યવસ્થા કરી છે. બસ પોર્ટ પર અગાઉ કાર્યરત ૩ પૂછપરછ બારીઓ ઉપરાંત, પ્લેટફોર્મ નંબર ૧૭ પર એક વિશેષ પૂછપરછ બારી શરૂ કરવામાં આવી છે. આ બારી ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દાહોદ-ઝાલોદ રૂટના મુસાફરો માટે કાર્યરત કરાઈ છે. લગ્ન માટે બસ ભાડે રાખવાની 'વર્ધી' માં પણ વિભાગને મોટી સફળતા મળી છે, અત્યાર સુધીમાં ૩૮ થી વધુ બુકિંગ કન્ફર્મ થયા છે. વધતા ટ્રાફિકને પહોંચી વળવા માટે વિભાગીય નિયામક દ્વારા એક્સ્ટ્રા બસોનું સુનિયોજિત આયોજન કરવામાં આવ્યું છે. જે રૂટો પર વેઈટિંગ લિસ્ટ લાંબુ છે અથવા પ્લેટફોર્મ પર મુસાફરોની સંખ્યા વધુ છે, ત્યાં તાત્કાલિક વધારાની બસો મૂકવાની સૂચના અપાઈ છે. આ સીઝનલ ટ્રાફિકને કારણે એસટી નિગમના આર્થિક પાસાં મજબૂત બની રહ્યા છે અને મુસાફરોને પણ ખાનગી વાહનો કરતા એસટીની સફર વધુ અનુકૂળ આવી રહી છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



## ભાવનગર યુનિ.માં એનએસયુઆઈની જનતા રેડ: બાઈકમાંથી ગાંજો મળ્યો

### ભાવનગર: યુનિવર્સિટી કેમ્પસમાં ગાંજો ઝડપાતા ચકચાર

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર યુનિવર્સિટી કેમ્પસ આજે કોઈ રમતગમત કે શૈક્ષણિક પ્રવૃત્તિ માટે નહીં, પરંતુ નશાના વેપલાને કારણે ચર્ચાના ચકડોળે ચઢ્યું છે. એનએસયુઆઈ અને કોંગ્રેસના પ્રદેશ આગેવાનોની ઉપસ્થિતિમાં આજે યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલી જનતા રેડમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. કેમ્પસમાંથી બિનવારસી હાલતમાં પાર્ક કરેલી બાઈકની સીટ નીચેથી ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસ દોડતી થઈ ગઈ છે. ઘટનાની વિગતો મુજબ, એનએસયુઆઈના હોદ્દેદારોને સચોટ બાતમી મળી હતી કે કેમ્પસના નિર્જન ભાગો અને ક્રિકેટ ગ્રાઉન્ડની આસપાસ નશાખોરોનો જમાવડો રહે છે. આ બાતમીના આધારે જ્યારે જનતા રેડ કરવામાં આવી, ત્યારે સ્થળ પરથી દારૂની અનેક ખાલી બોટલો મળી આવી હતી. તપાસ આગળ વધારતા હોન્ડા મોટર સાઈકલ નંબર GJ04EB 4149 ની ડિક્કી ચેક કરવામાં આવી હતી, જેમાંથી લીલા ગાંજાના પેકેટ મળી આવ્યા હતા. વિદ્યાર્થી આગેવાનોએ આ દ્રશ્યો કેમેરામાં કેદ કરી તંત્રના ગાલ પર તમાચો માર્યો છે. આ પ્રસંગે એનએસયુઆઈએ ગંભીર આક્ષેપ કર્યા હતા કે, ગુજરાત પોલીસ અને રાજ્ય સરકાર માત્ર ડ્રગ્સ વિરોધી નારા લગાવે છે, પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી કંઈક અલગ જ છે. યુનિવર્સિટીના ગ્રાઉન્ડમાં સીગારેટના ઠૂંઠા, ગોગો પેપર અને દારૂની બોટલોનો ઢગલો એ વાતની સાબિતી છે કે અહીં લાંબા સમયથી નશાનું સામ્રાજ્ય ચાલી રહ્યું છે. આટલી મોટી યુનિવર્સિટીના સીસીટીવી કેમેરા અને સિક્યુરિટી ગાર્ડ્સ શું કરી રહ્યા હતા તે મોટો પ્રશ્ન છે. મામલો બિચકતા નીલમબાગ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને બાઈક તેમજ અન્ય સામગ્રી કબજે કરી તપાસ શરૂ કરી છે. પરંતુ આ ઘટનાએ ભાવનગરના વાલીઓમાં ભારે ચિંતા જન્માવી છે. શું હવે શૈક્ષણિક સંસ્થાઓ પણ નશાખોરો માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગઈ છે? પોલીસે અત્યારે તો બાઈક માલિકની શોધખોળ શરૂ કરી છે, પરંતુ આ સમગ્ર નેટવર્કનો પર્દાફાશ ક્યારે થશે તે જોવું રહ્યું. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



## પાલિતાણા: સરોડ પાસે અર્ટિગા અને બાઈક વચ્ચે અકસ્માત

**દૈનિક પલ્સ સમાચાર:** પાલિતાણા-સોનગઢ રોડ પર ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાડતો વધુ એક અકસ્માત સામે આવ્યો છે. સરોડ ગામની સીમમાં એક બેકાબૂ અર્ટિગા કારે માર્ગ પરથી પસાર થઈ રહેલા બાઈક સવારને એવી જોરદાર ટક્કર મારી કે બાઈક સવાર દૂર સુધી ફંગોળાયો હતો. આ અકસ્માત કાર ચાલકની ઘોર બેદરકારી અને અંધાધૂંધ ડ્રાઈવિંગનું પરિણામ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.
ઘટનાને પગલે માર્ગ પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ઈજાગ્રસ્ત બાઈક સવારને પ્રચંડ ઈજાઓ થતા તેને હોસ્પિટલ લઈ જવા તજવીજ હાથ ધરાઈ હતી. જોકે, ઈજાઓની ગંભીરતા જોતા સ્થાનિક તબીબોએ તેને પ્રાથમિક સારવાર આપી તુરંત ભાવનગરની સરકારી સર્ટિ હોસ્પિટલમાં ખસેડવાની સલાહ આપી હતી. અત્યારે ઈજાગ્રસ્ત યુવાન જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. આ માર્ગ પર વાહનોની સ્પીડ લિમિટ પર કોઈ અંકુશ ન હોવાથી અવારનવાર નિર્દોષ લોકો ભોગ બને છે. શું તંત્ર માત્ર કાગળ પર જ સુરક્ષાની વાતો કરશે કે પછી આવા બેફામ વાહન ચાલકો સામે કોઈ કડક કાર્યવાહી કરશે? પોલીસે આ મામલે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે, પરંતુ અકસ્માતનું નુકસાન તો ભોગ બનનાર પરિવારે જ સહન કરવું પડી રહ્યું છે.
**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




## બગોદરા પોલીસનો સપાટો: 70 લાખનો વિદેશી દારૂ અને બીયર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** બગોદરા પોલીસ સ્ટેશનની હદમાં પ્રોહિબિશનના કાયદાને ખુલ્લેઆમ પડકાર ફેંકતા બુટલેગરોનો પર્દાફાશ થયો છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસની નાક નીચેથી જ લાખોનો પરપ્રાંતિય દારૂ સપ્લાય થઈ રહ્યો હતો. રોહીકા ચોકડી પાસે એક ટ્રકમાં છુપાયેલો ૭૦ લાખથી વધુની કિંમતનો દારૂ અને બીયરનો જથ્થો પોલીસે કબજે કર્યો છે, પરંતુ આખી પ્રક્રિયામાં આરોપીઓની ગેરહાજરી પોલીસની કામગીરી સામે શંકાની સોય તાકે છે. મળતી વિગતો મુજબ, બગોદરા પોલીસના કોન્સ્ટેબલ રાજેશભાઇને બાતમી મળી હતી કે મયુર હોટલ નજીક ઓટો ગેરેજની પાછળ એક આઈશર ટ્રક દારૂ ભરેલી હાલતમાં ઉભી છે. પોલીસે રેડ કરતા જોયું કે ટ્રકમાં ડાંગરની ફુસકી ભરેલા કોથળાઓની આડમાં દારૂનું મોટું સામ્રાજ્ય છુપાયેલું હતું. કુલ ૧૩,૫૪૮ બોટલ વિદેશી દારૂ અને ૩,૬૨૦ બીયરના ટીન સાથે કુલ રૂા. ૮૦,૪૮,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.
દુર્ભાગ્યપૂર્ણ બાબત એ છે કે, આટલી મોટી કાર્યવાહી હોવા છતાં પોલીસને ટ્રકનો ડ્રાઈવર પણ હાથ લાગ્યો નથી. માલ મોકલનાર અને મંગાવનાર બુટલેગરો અત્યારે આરામથી પોલીસની પકડથી દૂર છે. આ કેસમાં ટ્રક ચાલક, દારૂ મોકલનાર અને મંગાવનારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.
સવાલ એ ઉઠે છે કે, શું પોલીસની બાતમી લીક થઈ ગઈ હતી? કે પછી બુટલેગરોને પહેલેથી જ અણસાર આવી ગયો હતો? બગોદરા પોલીસ ઇન્સ્પેક્ટર યુ.બી.જોગરાણા અને તેમની ટીમે જથ્થો તો પકડી પાડ્યો, પણ ગુનેગારોને પકડવામાં મળેલી નિષ્ફળતા પોલીસ તંત્ર માટે નકારાત્મક પાસું બની રહી છે. હવે જોવાનું એ રહેશે કે પોલીસ આ વોન્ટેડ બુટલેગરોને ક્યારે જેલભેગા કરે છે કે પછી આ મામલો પણ અન્ય કેસોની જેમ ફાઈલે ચઢી જશે.

**બગોદરામાં રોહીકા ચોકડી પાસે પોલીસની રહેમનજર હેઠળ ચાલતા દારૂના કાળા કારોબાર પર મોટો સપાટો બોલાવાયો છે. પોલીસે આઈશર ટ્રકમાંથી ડાંગરની ફુસકી નીચે સંતાડેલો રૂા. ૭૦ લાખથી વધુનો દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે.**

## સુરત: મહિલા કોન્સ્ટેબલે ડોક્ટર બની એટીએમ ગેંગને ઝડપી પાડી

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના પાંડેસરા અને સચિન વિસ્તારમાં એટીએમ સેન્ટરો પર નજર રાખીને ભોળા મજૂરોને લૂંટતી ગેંગ હવે જેલના સળિયા પાછળ છે. આ ઓપરેશનની ખાસ વાત એ રહી કે તેમાં એક મહિલા કોન્સ્ટેબલની રણનીતિ કામ કરી ગઈ. કોન્સ્ટેબલ કેશવબેને ડોક્ટરનો સફેદ એપ્રોન પહેરીને ગુનેગારોના અડ્ડા પર દરોડો પાડ્યો હતો. આ ગેંગ એટીએમમાં મદદ કરવાના બહાને લોકોના કાર્ડ બદલી નાખતી અને પિન નંબર જાણીને ખાતા ખાલી કરી દેતી હતી. પોલીસને બાતમી મળી હતી કે ગેંગના સભ્યો વતન ઉત્તર પ્રદેશ ભાગવાની તૈયારીમાં છે. કેશવબેને બીમાર હોવાનો ડોળ કરી ઘરમાં પ્રવેશી ગેંગની હાજરીની પુષ્ટિ કરી અને ટીમને ઈશારો કર્યો. પોલીસે રામપૂજન ઉર્ફે સૌરભ સરોજ સહિત પાંચ આરોપીઓને ૧૫૦ એટીએમ કાર્ડ સાથે ઝડપી લીધા હતા. આ કાર્યવાહીથી પાંડેસરા અને ભેસ્તાન પોલીસ સ્ટેશનના અનેક વણઉકેલ્યા ગુનાઓ ઉકેલાઈ ગયા છે. **રિપોર્ટ : સરફરાઝ શેખ**





## ભરૂચ: શ્રી મોઢેશ્વરી માતાનો ભવ્ય ૨૬મો પાટોત્સવ યોજાશે

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચના લિંક રોડ સ્થિત શ્રી ભૃગુપુર મોઢ મોદી સમાજના કુળદેવી મા મોઢેશ્વરીના સાનિધ્યમાં આગામી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૨૬મો પાટોત્સવ અત્યંત હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. આ મહોત્સવને લઈને ભરૂચની ધર્મપ્રેમી જનતામાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ઉત્સવની શરૂઆત ૩૦મી જાન્યુઆરીની પૂર્વસંધ્યાએ રાત્રે ૯ કલાકે 'આનંદના ગરબા' સાથે થશે. પાટોત્સવના મુખ્ય દિવસે સવારે આરતી બાદ ભક્તો દ્વારા કેક કાપીને માતાજીના પાટોત્સવની વધામણી કરવામાં આવશે. બપોરે ૩:૩૦ કલાકે હિતેશનગરથી નીકળનારી ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર આસ્થાની સુવાસ ફેલાવશે. શિનોરની બેન્ડ પાર્ટીના સૂર અને માતાજીના જયઘોષ સાથે આ યાત્રા શક્તિનાથ થઈ લિંક રોડ સ્થિત આશ્રમે પહોંચશે.
સાંજે શાસ્ત્રોક્ત વિધિ મુજબ હવન અને મહાઆરતીનું આયોજન છે, જેમાં ભક્તો દર્શનનો લાભ લેશે. રાત્રે ૭:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. આયોજકો દ્વારા આ મહોત્સવને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ભરૂચના તમામ માઈભક્તોને આ દિવ્ય અવસરમાં ઉમટી પડવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. **રિપોર્ટ : કેતન મહેતા**



**ભરૂચમાં ૩૧ જાન્યુઆરીએ મા મોઢેશ્વરીનો ૨૬મો પાટોત્સવ ઉજવાશે. આનંદનો ગરબો, ભવ્ય શોભાયાત્રા અને મહાપ્રસાદનું વિશેષ આયોજન કરાયું છે.**

## ધોળકા: ભાજપ મહિલા કાઉન્સિલરના પતિનું અકસ્માતમાં કરુણ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ જિલ્લામાં માર્ગ અકસ્માતોની હારમાળા અટકવાનું નામ નથી લઈ રહી. ધોળકા-સરોડા રોડ પર આજે એક કાળમુખા અકસ્માતમાં ધોળકા નગરપાલિકાના વોર્ડ નંબર-૨ના મહિલા કાઉન્સિલર હેતલબેન સોલંકીના પતિ ખોડીદાસ સોલંકી (ઠાકોર) નું અકાળે અવસાન થયું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે જોનારના પણ કાળજા કંપી ગયા હતા. મળતી વિગતો મુજબ, ખોડીદાસ સોલંકી પોતાના મોપેડ પર સરોડા રોડ પરથી કોઈ કામ અર્થે પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલા એક અજાણ્યા વાહને મોપેડને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતા જ ખોડીદાસભાઈ જમીન પર પટકાયા હતા અને કમનસીબે વાહનનું ભારેખમ ટાયર તેમના માથા પરથી ફરી વળ્યું હતું. માથામાં ગંભીર ઇજાઓ થવાને કારણે અને મગજ બહાર નીકળી જવાને કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને વાહનચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો, જે પોલીસ માટે અત્યારે પડકારરૂપ બન્યું છે. ઘટનાની જાણ થતા જ ધોળકા શહેર અને તાલુકા ભાજપના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં સમર્થકો ઘટનાસ્થળે અને ત્યારબાદ હોસ્પિટલે પહોંચ્યા હતા. સ્થાનિક પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને મૃતદેહને પીએમ માટે ખસેડ્યો છે અને સીસીટીવી ફૂટેજ તેમજ બાતમીદારોની મદદથી ફરાર વાહનચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.
એક લોકપ્રિય મહિલા કાઉન્સિલરના પતિ અને ઠાકોર સમાજના સક્રિય આગેવાનના આવા આકસ્મિક મોતે અનેક સવાલો ઉભા કર્યા છે. શું હાઈવે પર સ્પીડ લિમિટનું પાલન કરાવવામાં તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું છે? પંથકના રહીશોમાં આ ઘટનાને લઈને ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, પરંતુ ખોડીદાસભાઈના પરિવારે એક પિતા અને પતિ તરીકે જે છત્રછાયા ગુમાવી છે તેની ખોટ ક્યારેય પુરાશે નહીં. **રિપોર્ટ : ભાવેશ રાઠોડ**



**ધોળકા-સરોડા રોડ પર અકસ્માતમાં ભાજપ કાઉન્સિલરના પતિ ખોડીદાસ સોલંકીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત.**

## અંકલેશ્વર: ગંગા જમના સોસાયટીમાં કાર મકાનમાં ઘૂસી

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વરના ગંગા જમના વિસ્તારમાં વહેલી સવારે એક ભયાનક અકસ્માતે સમગ્ર સોસાયટીને હચમચાવી દીધી. એક બેકાબૂ બનેલી કારે સોસાયટીની દીવાલને એવી ટક્કર મારી કે તે તોડીને સીધી રહેણાંક મકાનની અંદર ઘૂસી ગઈ. પ્રાપ્ત વિગતો મુજબ, કાર ચાલક કાર પરનો કાબૂ ગુમાવી બેઠો હતો અને મકાનમાં ઘૂસતા પહેલા રસ્તા પર પાર્ક કરેલી એક અન્ય કારનો પણ કચ્ચરઘાણ વાળ્યો હતો.
આ ઘટનાને પગલે વહેલી સવારે ગાઢ નિદ્રામાં રહેલા રહીશો બોમ્બ ધડાકા જેવો અવાજ આવતા ગભરાઈને ઘરની બહાર દોડી આવ્યા હતા. જો આ અકસ્માત દિવસે સર્જાયો હોત તો મોટી જાનહાનિની પૂરેપૂરી શક્યતા હતી. મકાનની દીવાલ ધરાશાયી થવાને કારણે મકાન માલિકને લાખોનું નુકસાન થયું છે. સ્થાનિક પોલીસના કાફલાએ તપાસ તો શરૂ કરી છે, પરંતુ રહેણાંક સોસાયટીઓમાં જોખમી રીતે ડ્રાઈવિંગ કરતા તત્વો સામે કડક પગલાં ક્યારે લેવાશે તે મોટો સવાલ છે.
**રિપોર્ટ : કેતન મહેતા**



## આમોદમાં જમવા બાબતે મિત્રોએ જ મિત્રની હત્યા કરી: 4 ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચના આમોદ તાલુકાનું દાંડા ગામ અત્યારે એક ભયાનક હત્યાકાંડથી ફફડી રહ્યું છે. જે મિત્રો સાથે ઉઠવા-બેસવા અને જમવાના સંબંધો હતા, તે જ મિત્રો આજે કસાઈ બની ગયા છે. માત્ર જમવા જેવી ક્ષુલ્લક બાબતે થયેલા ઝઘડામાં ચાર મિત્રોએ મળીને ૨૬ વર્ષીય વિષ્ણુ વસાવાની જીવનલીલા સંકેલી નાખી છે. આમોદ પોલીસે આ મામલે ત્વરિત એક્શન લઈ ચારેય આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. ઘટનાની વિગતો મુજબ, ઉત્તરાયણના તહેવાર દરમિયાન વિષ્ણુ વસાવા અને તેના મિત્રો રાહુલ ઉર્ફે મેહુલ, ભૂમિત, અલ્પેશ અને કનુ ભેગા થયા હતા. જમતી વખતે કોઈ વાત પર થયેલી ઉગ્ર ચર્ચાએ હિંસક વળાંક લીધો હતો. ચારેય મિત્રોએ આવેશમાં આવી વિષ્ણુને માતર ગામના બ્રિજ પાસે તેમજ સાપા અને ઓછણ ગામ તરફના રસ્તાઓ પર લઈ જઈ ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી હતી. વિષ્ણુને માથાના ભાગે લાકડા કે બોથડ પદાર્થોથી એટલી નિર્દયતાથી ફટકાર્યો કે તે સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. હેવાન બનેલા મિત્રોએ તેને હોસ્પિટલ લઈ જવાને બદલે મરણતોલ હાલતમાં તેના ઘરે મૂકી દીધો અને પોતે પોલીસથી બચવા ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. ગંભીર હાલતમાં વિષ્ણુને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ૧૭ જાન્યુઆરીએ તેનું મોત નીપજ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથાની ગંભીર ઇજા જ મોતનું કારણ હોવાનું સ્પષ્ટ થતા આમોદ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ તેજ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં ચારેય હત્યારા મિત્રોને ઝડપી પાડ્યા છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ ગુનાની કબૂલાત કરી લીધી છે. પોલીસે આરોપીઓને ક્રાઈમ સીન પર લઈ જઈ કઈ રીતે હત્યા કરી તેનું રિકન્સ્ટ્રક્શન પણ કર્યું હતું. એક જમવા જેવી મામૂલી બાબતમાં એક યુવાને જીવ ગુમાવ્યો અને ચાર યુવાનોનું ભવિષ્ય જેલના અંધકારમાં ધકેલાઈ ગયું છે. **રિપોર્ટ : કેતન મહેતા**



**આમોદના દાંડા ગામે મિત્રતાના સંબંધોનું લોહી ઉડ્યું છે. માત્ર જમવા જેવી ક્ષુલ્લક બાબતે ચાર મિત્રોએ ભેગા મળી ૨૬ વર્ષીય વિષ્ણુ વસાવાની નિર્મમ હત્યા કરી નાખી. પોલીસે ગણતરીના કલાકોમાં ચારેય નરાધમોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.**

નાના
છે

# સાબરકાંઠા: સાંસદ શોભનાબેન બારૈયાના અધ્યક્ષસ્થાને ચોપાલ ચર્ચા

## 'જી રામ જી' યોજના: સાબરકાંઠામાં ચોપાલ ચર્ચાનું આયોજન



**દૈનિક પલ્સ સમાચાર: હિંમતનગર:** કેન્દ્ર સરકાર દ્વારા જનહિતમાં શરૂ કરવામાં આવેલી 'જી રામ જી' યોજનાના વ્યાપક પ્રચાર માટે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સાંસદ શોભનાબેન બારૈયાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના વિવિધ ગામોમાં 'ચોપાલ ચર્ચા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામીણ જનતા સુધી સીધો સંપર્ક સાધવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ કાર્યક્રમોમાં સરકારની સિદ્ધિઓ અને યોજનાકીય માળખા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ઇડર તાલુકાના જાલિયા ગામથી કરવામાં આવી હતી, જ્યાં સાંસદની સાથે તાલુકા પંચાયતની આખી ટીમ જોડાઈ હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ અને ઉપપ્રમુખ મૂળસિંહ ચૌહાણ સહિત સ્થાનિક સરપંચ અને પંચાયત સદસ્યો હાજર રહ્યા હતા. સાંસદશ્રીએ ગામના ચોરે બેસીને ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. ત્યારબાદ હિંમતનગરના વક્તાપુર ગામમાં પણ આ જ પ્રકારે ચોપાલ ચર્ચા યોજાઈ હતી. અહીં સાંસદ શોભનાબેને લાભાર્થીઓ સાથે સીધી વાતચીત કરી હતી અને યોજનાના અમલીકરણમાં આવતી કોઈ પણ મુશ્કેલીઓ કે સૂચનો વિશે ચર્ચા કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે 'જી રામ જી' યોજનાનો લાભ દરેક પાત્રતા ધરાવતા પરિવાર સુધી પહોંચે તે સરકારની પ્રાથમિકતા છે. ગ્રામીણ સ્તરે આ પ્રકારના સંવાદથી સરકાર અને જનતા વચ્ચેનો સેતુ વધુ મજબૂત બન્યો છે. **રિપોર્ટ : જનક જાદવ**

# જેતપુર-કાનાવડલા બસ પુનઃ શરૂ, મુસાફરોમાં આનંદ

**દૈનિક પલ્સ સમાચાર:** જનતાના પ્રશ્નો માટે સતર્ક રહેતા લોકપ્રતિનિધિ જ્યારે સક્રિય બને ત્યારે કેવું પરિણામ મળે છે તેનું ઉદાહરણ ભેસાણ પંથકમાં જોવા મળ્યું છે. જેતપુર-કાનાવડલા બસ સેવા, જે વર્ષો જૂની અને બે તાલુકાની કડી સમાન હતી, તે ફરી શરૂ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી આ બસ બંધ હોવાને કારણે જેતપુર, ભેસાણ અને વિસાવદર તાલુકાના મુસાફરો તેમજ અભ્યાસ માટે અવરજવર કરતા વિદ્યાર્થીઓને આર્થિક અને સમયની ભારે ખોટ જતી હતી. આ પ્રશ્ન ભેસાણ તાલુકા પંચાયતના યુવા ઉપપ્રમુખ જયદીપભાઈ શિલુ સુધી પહોંચતા, તેમણે સમય ગુમાવ્યા વગર જેતપુર એસટી ડેપો મેનેજર સાથે સીધો સંવાદ કર્યો અને લેખિતમાં ધારદાર રજૂઆત કરી હતી.

તેમની જનહિતની રજૂઆતની ગંભીરતા સમજીને એસટી તંત્ર દ્વારા આ બસ સેવા રાબેતા મુજબ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આજે જ્યારે બસ ફરી શરૂ થઈ ત્યારે મુસાફરોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. જયદીપભાઈ શિલુએ આ તકે જણાવ્યું હતું કે સરકાર અને તંત્ર જનતાની સુવિધા માટે હંમેશા કાર્યરત છે અને આ નિર્ણય બદલ તેમણે વિદ્યાર્થીઓ વતી સરકારનો આભાર માન્યો છે.

**રિપોર્ટ : આશિષ વસાવડા**



**જેતપુર-કાનાવડલા રૂટની બસ સેવા પુનઃ શરૂ થતા મુસાફરો અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે.**

# સાબરકાંઠામાં ઠંડીનો ચમકારો: લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી સુધી ગગડ્યું

**દૈનિક પલ્સ સમાચાર: હિંમતનગર:** સાબરકાંઠા જિલ્લામાં શિયાળાની ઋતુ તેના પરાકાષ્ઠાએ પહોંચી હોય તેમ વાતાવરણમાં એકાએક મોટો બદલાવ જોવા મળ્યો છે. હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે જિલ્લામાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. આ બદલાવને કારણે ઠંડીની તીવ્રતામાં અચાનક વધારો થયો છે અને ઠંડો પવન ફૂંકાતા લોકો ધ્રૂજી ઉઠ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઉત્તર ભારતમાં થયેલી પ્રચંડ હિમવર્ષાની સીધી અસર હવે ગુજરાતના વાતાવરણ પર જોવા મળી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં જાન્યુઆરી મહિનાના અંત સુધી ઠંડીનો પ્રભાવ હાવી રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. મંગળવારે વહેલી સવારથી જ ગાઢ ધુમ્મસ અને ઝાકળવર્ષાને કારણે દ્રશ્યતા (Visibility) ઘટી હતી, જેનાથી જનજીવન અને વાહનવ્યવહાર પર અસર પડી હતી. હવામાન નિષ્ણાતોના મતે આવનાર ફેબ્રુઆરી મહિનો પણ કાતિલ ઠંડીનો સાક્ષી બનશે અને માર્ચ મહિના સુધી હવામાનમાં પલટા આવતા રહેશે.

ઉતરાયણ બાદ તાપમાનનો પારો ઊંચો જવાથી ઠંડી ઘટી હોવાનો અહેસાસ થયો હતો, પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હાલમાં જિલ્લામાં લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી થી ૧૩ ડિગ્રી ની વચ્ચે નોંધાઈ રહ્યું છે. જિલ્લાની તાપમાનની સ્થિતિ: જિલ્લાના વિવિધ તાલુકાઓના તાપમાન પર નજર કરીએ તો, હિંમતનગર, પ્રાંતિજ અને ઇડરમાં લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું છે. જ્યારે પહાડી અને જંગલ વિસ્તાર ધરાવતા વિજયનગર અને પોશીના તાલુકામાં પારો ગગડીને ૧૧ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. તલોદ તાલુકામાં તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહ્યું છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીનો આ નવો રાઉન્ડ ખેતી પાક માટે પણ ચિંતાનો વિષય બની શકે છે, જો માવઠું થાય તો રવિ પાકને નુકસાન થવાની ભીતિ છે. હવામાન વિભાગે જાન્યુઆરીના અંત સુધી સાવચેત રહેવા અને ઠંડીથી બચવા યોગ્ય વ્યવસ્થા કરવા જનતાને અપીલ કરી છે. **રિપોર્ટ : જનક જાદવ**



# 'કોફી વિથ કલેકટર': નર્મદાની તેજસ્વી દીકરીઓનું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** દીકરીઓના ઉત્કર્ષ અને મહિલા સશક્તિકરણના ઉદ્દેશ્યને સાર્થક કરતા નર્મદા જિલ્લામાં 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના હેઠળ 'કોફી વિથ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર એસ.કે. મોદીએ આ કાર્યક્રમમાં તેજસ્વી દીકરીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાની કુલ ૩૯ દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ દીકરીઓએ શિક્ષણથી લઈને મેદાન સુધી પોતાની ક્ષમતા પુરવાર કરી છે. કલેકટરશ્રીએ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, નર્મદાની દીકરીઓ આજે કોઈ ક્ષેત્રમાં પાછળ નથી. તેમણે દીકરીઓને પ્રોત્સાહન આપતા કહ્યું કે, તમે માત્ર જિલ્લા કે રાજ્ય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કરો તેવો મારો અનુરોધ છે.

આ અવસરે દીકરીઓને શૈક્ષણિક કીટ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના કેન્દ્રસ્થાને દીકરીઓનો કલેકટર સાથેનો મુક્ત સંવાદ રહ્યો હતો, જેમાં દીકરીઓએ પોતાની ભાવિ યોજનાઓ અને અનુભવો રજૂ કર્યા હતા. મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમે સમાજમાં દીકરીઓ પ્રત્યેના હકારાત્મક દ્રષ્ટિકોણને વધુ મજબૂત બનાવ્યો છે. **રિપોર્ટ : વસીમ મેમન**









# મહુધામાં ગૌમાંસના જથ્થા સાથે એકની ધરપકડ: 20 કિલો માંસ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર**: ખેડા જિલ્લામાં પશુ સંરક્ષણના કાયદાના કડક અમલીકરણ માટે પોલીસ અધિક્ષક વિજય પટેલ દ્વારા આપવામાં આવેલી સૂચના બાદ મહુધા પોલીસે એક પ્રશંસનીય કામગીરી કરી છે. પોલીસની સર્વેલન્સ ટીમે બાતમીના આધારે મહુધા ટાઉનના ગીચ વિસ્તાર એવા ચકલી ખાટકી વાડામાં દરોડો પાડી ગૌમાંસના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે.

મળતી વિગતો મુજબ, અ.હેડ.કો. યશપાલસિંહને મળેલી બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન સ્થળ પરથી આશરે 20 કિલોગ્રામ ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત આશરે 2,000 રૂપિયા અંકાય છે. પોલીસને માત્ર માંસ જ નહીં, પરંતુ પશુઓને કાપવા માટે વપરાતા અનેક ઘાતક ઓજારો પણ મળી આવ્યા છે. જેમાં લાકડાના હાથા વાળી લોખંડની કુહાડી, પાંચ લોખંડના મોટા છરા, ત્રણ છરીઓ અને લોહીથી લથબથ બે સળિયાનો સમાવેશ થાય છે. આ કેસમાં પકડાયેલ આરોપીની ઓળખ 35 વર્ષીય તસ્લીમરજાક ઉર્ફે સુલતાન અબ્દુલકરીમ કુરેશી તરીકે થઈ છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. તેની વિરુદ્ધ મહુધા પોલીસ સ્ટેશનમાં 2018 અને 2024માં તેમજ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં 2021માં ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

આ સફળ ઓપરેશન પી.આઈ. આર.કે. ગોહિલ અને પી.એસ.આઈ. આર.વી. ચિહલાના નેતૃત્વમાં સર્વેલન્સ ટીમના હેડ કોન્સ્ટેબલ બળવંતભાઈ, હસમુખભાઈ તેમજ કોન્સ્ટેબલ હર્ષદભાઈ, શાહીલકુમાર અને કિરણકુમાર દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે અને આ કેસમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ તેજ કરી છે. **રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



**ખેડા જિલ્લાની મહુધા પોલીસે બાતમીના આધારે ચકલી ખાટકી વાડામાં દરોડો પાડી 20 કિલો ગૌમાંસ અને કતલના ઓજારો સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પકડાયેલ આરોપી તસ્લીમરજાક ઉર્ફે સુલતાન કુરેશી અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે.**

# નર્મદામાં 'પોષણ ઉડાન ૨૦૨૬'ની ભવ્ય ઉજવણી: હજારો બાળકો લાભાન્વિત

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મકરસંક્રાંતિના પર્વને 'પોષણ પર્વ' તરીકે ઉજવતા નર્મદા જિલ્લામાં 'પોષણ ઉડાન ૨૦૨૬' કાર્યક્રમ અંતર્ગત વ્યાપક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા જિલ્લામાં આરોગ્ય અને સંતુલિત આહાર અંગે જાગૃતિની નવી લહેર જોવા મળી હતી.

નર્મદા જિલ્લાના વિવિધ ઘટકોમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં ૬૫૪૩ કિશોરીઓ, ૧૨,૯૮૭ બાળકો અને ૨૬૫૪ વાલીઓ સહિત કુલ ૨૪,૦૦૦થી વધુ લાભાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમને શૈક્ષણિક બનાવવા માટે પતંગ સ્પર્ધામાં પતંગો પર પોષણ અને આરોગ્યના સ્લોગન લખવામાં આવ્યા હતા, જે આકાશમાં ઉડીને લોકોને જાગૃત કરતા હતા. આ ઉપરાંત કોથળા દોડ, લીંબુ-ચમચી અને સંગીત ખુરશી જેવી પરંપરાગત રમતો દ્વારા બાળકોને શારીરિક પ્રવૃત્તિ માટે પ્રોત્સાહિત કરાયા હતા.

કાર્યક્રમનું મુખ્ય કેન્દ્ર પોષણયુક્ત આહાર અને સ્વચ્છતા રહ્યું હતું. કિશોરીઓને એનિમિયા (લોહીની ઉણપ) નિવારવાના ઉપાયો અને આયર્નયુક્ત આહાર વિશે માર્ગદર્શન અપાયું હતું. વિવિધ સ્ટોલ્સ પર સરગવાને 'સુપર ફૂડ' તરીકે રજૂ કરી તેની વિશેષતાઓ સમજાવવામાં આવી હતી. સાથે જ ટેક હોમ રાશન (THR) ની મદદથી માતૃશક્તિ, પૂર્ણાશક્તિ અને બાલશક્તિના પેકેટમાંથી બનતી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

સંતુલિત આહારમાં લીલા શાકભાજી અને વિટામિન-સી ના મહત્વ વિશે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. મકરસંક્રાંતિને ધ્યાનમાં રાખીને ૧૯૬૨ કરુણા હેલ્પલાઈન અને મહિલા સુરક્ષા માટે ૧૮૧ અભયમ હેલ્પલાઈનની માહિતી પણ લાભાર્થીઓને આપવામાં આવી હતી. વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામ આપી સન્માનિત કરાયા હતા. આ ભવ્ય આયોજન દ્વારા નર્મદા જિલ્લો કુપોષણ મુક્ત બનવાની દિશામાં એક મજબૂત ડગલું ભરી રહ્યો હોય તેવું પ્રતીત થાય છે. **રિપોર્ટ : વસીમ મેમન**



**નર્મદા જિલ્લામાં મકરસંક્રાંતિ નિમિત્તે 'પોષણ ઉડાન ૨૦૨૬' કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરાઈ. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૨૪,૦૦૦થી વધુ લાભાર્થીઓએ ભાગ લઈ પોષણયુક્ત આહાર અને આરોગ્યપ્રદ જીવનશૈલીના પાઠ શીખ્યા હતા.**

# સાધલીમાં બુટલેગરો બેફામ: દારૂબંધીના ધજાગરા, પોલીસ કુંભકર્ણ નિદ્રામાં

## શિનોર સાધલી: બુટલેગર આકાશ કાછિયાનો દારૂનો વેપલો બેફામ

**દૈનિક પલ્સ સમાચાર:** જરાતમાં દારૂબંધીનો કડક અમલ હોવાના સરકારના દાવાઓની શિનોરના સાધલીમાં હવા નીકળી ગઈ છે. સાધલી ગામ અને તેની આસપાસના ૯ થી ૧૦ ગામડાઓમાં દારૂનો વેપલો એટલી હદે વધી ગયો છે કે જાણે અહીં દારૂબંધી જેવું કંઈ છે જ નહીં. બુટલેગર આકાશ કાછિયો આ આખા નેટવર્કનો સૂત્રધાર હોવાનું અને તે ખુલ્લેઆમ ફરતો હોવાનું સામે આવ્યું છે.

સાધલી બજાર, રેલવે ક્રોસિંગ, શિનોર રોડ અને સૌથી આશ્ચર્યજનક રીતે સરકારી સ્કૂલની આસપાસના વિસ્તારોમાં પણ દેશી અને ઇંગ્લિશ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. આ પરિસ્થિતિ જોતા પ્રશ્ન થાય છે કે શિનોર પોલીસ શું કરી રહી છે? શું પોલીસના બીટ ઇન્ચાર્જ કે પીએસઆઈને આ અડ્ડાઓની જાણ નથી? કે પછી બધું 'વહીવટ' મુજબ ચાલી રહ્યું છે? આકાશ કાછિયો પોલીસના ડર વગર જાહેરમાં વેચાણ કરી રહ્યો છે, જે વહીવટી તંત્રની નબળી પકડ અને સંભવિત મિલીભગત તરફ આંગળી ચીંધે છે.

દારૂના આ દૂષણને કારણે સાધલીના બજારમાં મહિલાઓનું નીકળવું પણ મુશ્કેલ બન્યું છે, કારણ કે અડ્ડાઓની આસપાસ અસામાજિક તત્વોનો જમાવડો રહે છે. સરકારી સ્કૂલ પાસે દારૂ વેચાતો હોવાથી બાળકોના માનસ પર પણ ખરાબ અસર પડી રહી છે. વહીવટદારો જાણે આ ભયાનક નજારો જોઈને પણ નજર ફેરવી રહ્યા હોય તેવું જનતાને લાગી રહ્યું છે. સાધલીની આ ગંભીર સ્થિતિ અંગે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દરોડા પાડે તેવી માંગ ઉઠી છે, કારણ કે સ્થાનિક પોલીસ પરથી જનતાનો ભરોસો ઉઠી ગયો છે. શું પોલીસ વડા આ લાલિયાવાડી બંધ કરાવશે કે પછી સાધલી દારૂડિયાઓનો અડ્ડો બનીને જ રહેશે?



**શિનોરના સાધલીમાં બુટલેગર આકાશ કાછિયો બેફામ દારૂ વેચી રહ્યો છે. પોલીસની મહેરબાનીથી ચાલતા અડ્ડાઓથી રહીશોમાં ભારે રોષ.**

## નાસતા ફરતા આરોપી ઝડપાયા

# ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડથી રાજસ્થાનના બે વોન્ટેડ ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડબ્રહ્મા પોલીસે ગુનાખોરી ડામવા અને નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે શરૂ કરેલી ઝુંબેશમાં વધુ એક સફળતા મળી છે. ગુજરાત પ્રોહિબિશન એક્ટના ગંભીર ગુનામાં છેલ્લા કેટલાક સમયથી પોલીસને થાપ આપી રહેલા રાજસ્થાનના બે શખ્સોને ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડ પરથી દબોચી લેવામાં આવ્યા છે. પોલીસ ટીમ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે સર્વેલન્સ સ્ટાફના જવાનોને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ૨૦૨૫ના વર્ષમાં નોંધાયેલા દારૂના એક કેસમાં વોન્ટેડ બે આરોપીઓ બસ સ્ટેન્ડ પર કોઈ વાહનની રાહ જોઈ રહ્યા છે. બાતમીમાં આરોપીઓના પહેરવેશની પણ સ્પષ્ટ વિગત હોવાથી પોલીસે ઓળખ કરવામાં સમય બગાડ્યો ન હતો. લક્ષ્મણસિંહ રાજપુતે બ્લુ જેકેટ અને વિક્રમસિંહ ઝાલાએ કાળા-વાદળી રંગનું જેકેટ પહેર્યું હતું. પોલીસે ઓચિંતી તપાસ કરીને બંને શખ્સોને રાઉન્ડઅપ કર્યા હતા. પ્રાથમિક તપાસમાં બંનેએ પોતે ઉદયપુર જિલ્લાના હોવાનું જણાવ્યું હતું અને બાદમાં ગુનાની કબૂલાત કરતા પોલીસે ધરપકડની પ્રક્રિયા હાથ ધરી હતી. આ કામગીરીમાં પી.આઈ. ઉદાવત, પી.એસ.આઈ. વહોણીયા અને તેમની ટીમના કોન્સ્ટેબલ ધર્મેન્દ્રકુમાર અને દિલીપભાઈની મહત્વની ભૂમિકા રહી હતી.

**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



# થેરાસણામાં ભડકો: સરપંચ વિરુદ્ધ પંચાયત સભ્યોની અવિશ્વાસ દરખાસ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી: સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના થેરાસણા ગ્રામ પંચાયતમાં સત્તાના સમીકરણો બદલાયા છે. ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યોએ સરપંચ જયંતીભાઈ પટેલ સામે મોરચો માંડીને તેમના પર ભ્રષ્ટાચાર અને નિષ્ફળતાના આક્ષેપો કર્યા છે. કુલ 5 સભ્યોએ એક થઈને વડાલી તાલુકા વિકાસ અધિકારી (TDO) ને લેખિતમાં અવિશ્વાસની દરખાસ્ત પાઠવી છે, જેણે સ્થાનિક રાજકારણમાં ભૂકંપ સર્જ્યો છે.

સભ્યોએ તેમની રજૂઆતમાં જણાવ્યું છે કે, સરપંચ જયંતીભાઈ પંચાયતને પોતાની ખાનગી પેઢીની જેમ ચલાવી રહ્યા છે. ગામના મુખ્ય પ્રશ્નો જેવા કે પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ અને ગંદકીના નિકાલમાં સરપંચ સદંતર નિષ્ફળ નીવડ્યા છે. ગંભીર આક્ષેપ એ પણ છે કે જે સ્થળે વિકાસના કામો મંજૂર કરવામાં આવ્યા છે, ત્યાં કામ કરવાને બદલે સરપંચ સભ્યોની જાણ બહાર મનઘડત નિર્ણયો લઈને ગ્રાન્ટનો ઉપયોગ કરી રહ્યા છે. ચૂંટાયેલા સભ્યોની અવગણના થતી હોવાથી હવે આ સરપંચને પદ પરથી હટાવવા માટે કાયદેસરની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

**વડાલીના થેરાસણા સરપંચ વિરુદ્ધ વિકાસના કામોમાં નિષ્ફળતા અને મનસ્વી વહીવટના આક્ષેપ સાથે અવિશ્વાસની દરખાસ્ત.**

**સરપંચનો ખુલાસો:** સામે પક્ષે સરપંચ જયંતીભાઈ પટેલે આક્ષેપોનો વળતો જવાબ આપતા જણાવ્યું હતું કે, "પંચાયત પાસે આવતી ગ્રાન્ટ ખૂબ જ મર્યાદિત હોય છે, તેમ છતાં પ્રાથમિકતાના ધોરણે મેં ગામના રોડ, પાણી અને ગટરના પ્રશ્નો ઉકેલ્યા છે. તળાવ પાસે પ્રોટેક્શન વોલ બનાવી છે અને અકસ્માતો અટકાવવા માટે રસ્તા પરના વર્ષો જૂના દબાણો પણ દૂર કર્યા છે. આ દબાણ હટાવવાની કામગીરીથી જે લોકોના અંગત સ્વાર્થ જોખમાયા છે, તેઓ જ આ અવિશ્વાસની દરખાસ્ત પાછળ જવાબદાર છે."

હાલમાં થેરાસણા ગામ બે જૂથોમાં વહેંચાઈ ગયું છે. એક તરફ સરપંચના સમર્થકો છે તો બીજી તરફ નારાજ સભ્યોનો મોરચો છે. TDO હવે આ મામલે કાયદેસરની તપાસ હાથ ધરીને પંચાયતના નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરશે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે પંચાયત સ્તરે સભ્યો અને સરપંચ વચ્ચેનો તાલમેલ ખૂટતો હોય ત્યારે વિકાસ રુંધાય છે.




# થરાદના શિક્ષક મહેશભાઈ વાણિયાનું રાજ્ય સ્તરે સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણના ક્ષેત્રમાં સમર્પિત ભાવે કામ કરતા શિક્ષકો સમાજનું સાચું ઘરેણું છે. આવું જ એક ઉદાહરણ થરાદના મહેશકુમાર મયારામભાઈ વાણિયાએ પૂરું પાડ્યું છે. શ્રી શિવનગર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મહેશભાઈને તાજેતરમાં 'ગુજરાત સારસ્વત સન્માન' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ એવોર્ડ પાલનપુરની સ્કૂલ ઓફ સાયન્સ અને નોલેજ વેલી ફાઉન્ડેશન દ્વારા શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર યોગદાન આપનારા શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે આપવામાં આવે છે. મહેશભાઈએ વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે પોતાની આગવી સૂઝબૂઝ અને મહેનતથી બાળકોના પાયાના શિક્ષણને મજબૂત કરવા માટે સતત પ્રયત્નો કર્યા છે. તેમની આ શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાને ધ્યાને રાખીને જ આ પ્રતિષ્ઠિત સન્માન માટે તેમની પસંદગી કરવામાં આવી હતી.

આ એવોર્ડ વિતરણ પ્રસંગે મહાનુભાવો દ્વારા તેમના કાર્યને બિરદાવવામાં આવ્યું હતું. મહેશભાઈની આ સિદ્ધિથી તેમના પરિવાર, શિવનગર પ્રાથમિક શાળા અને સમગ્ર થરાદ પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો અને શિક્ષણ જગતના અગ્રણીઓએ મહેશભાઈને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આવા કર્મનિષ્ઠ શિક્ષકો દ્વારા જ સરકારી શાળાઓનું સ્તર ઊંચું આવી રહ્યું છે.

**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



**થરાદની શિવનગર શાળાના શિક્ષક મહેશભાઈ વાણિયાને શિક્ષણમાં શ્રેષ્ઠ યોગદાન બદલ ગુજરાત સારસ્વત સન્માન એવોર્ડથી નવાજવામાં આવ્યા.**

# થરાદ: કરબુણ સીમમાંથી વિદેશી દારૂ ભરેલી ગાડી પકડાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ પંથકમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસ સક્રિય બની છે. જે અંતર્ગત વાવ-થરાદ પેરોલ ફર્લો સ્કોડની ટીમે કરબુણ ગામની સીમમાં દરોડો પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો છે.

મળેલી બાતમી મુજબ, એક સફેદ રંગની સ્વીફ્ટ ગાડીમાં દારૂની હેરાફેરી થઈ રહી હતી. પોલીસે વોચ ગોઠવી ગાડીને અટકાવતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરના ટીન મળી કુલ 1152 નંગ બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂ. 2,58,528 અંકાય છે, જ્યારે ગાડી અને અન્ય સાધનો સાથે કુલ મુદ્દામાલ રૂ. 6,58,528 થાય છે. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં એક શખ્સ સામે કાયદેસરની ફરિયાદ નોંધી તેની અટકાયત કરવામાં આવી છે. સરહદી વિસ્તારમાં દારૂબંધીના ભંગ બદલ પોલીસની આ કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



# કેશોદ ક્રિકેટ ટુર્નામેન્ટ: કેબલ ઈલેવન વેરાવળ બની મેગા ચેમ્પિયન

**દૈનિક પલ્સ સમાચાર:** સૌરાષ્ટ્રની ક્રિકેટ પ્રેમી જનતા અને ખાસ કરીને યુવાનોમાં રમતગમત પ્રત્યે નવી ઉર્જા જગાડવા માટે સ્વ. જયભાઈ બાલસ સ્મરણાર્થે શ્રી કોળી સમાજ કેશોદ તાલુકા ક્રિકેટ ગ્રુપ દ્વારા આયોજિત ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૨૬નું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું છે. અનેક રોમાંચક મેચો બાદ મેગા ફાઈનલમાં કેબલ ઇલેવન વેરાવળની ટીમે પોતાનો દબદબો જાળવી રાખી ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

આ શાનદાર ટુર્નામેન્ટના અંતિમ તબક્કે કેશોદના ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે વિજેતા ખેલાડીઓને બિરદાવતા જણાવ્યું હતું કે, આવી સ્પર્ધાઓથી સ્થાનિક ટેલેન્ટને મોટું પ્લેટફોર્મ મળે છે. આ મેગા ફાઈનલના રોકડ સ્પોન્સર તરીકે ધારાસભ્ય દેવાભાઈ માલમ, તાલુકા પ્રમુખ મનોજભાઈ ડાભી, લખન ભરડા અને વજુભાઈ ગરેજાએ ઉમદા સહયોગ પૂરો પાડ્યો હતો.

ટુર્નામેન્ટને સફળ બનાવવા પાછળ પ્રતિકભાઈ ચાવડા, મીતભાઈ વાળા, મનોજભાઈ ભરડા અને દિનેશભાઈ ખેરની ટીમ દ્વારા દિવસ-રાત મહેનત કરવામાં આવી હતી. તેમની સચોટ આયોજન શક્તિ અને શિસ્તબદ્ધ સંચાલનની મહાનુભાવોએ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. કાર્યક્રમમાં સામાજિક આગેવાનો, વિશ્વ હિન્દુ પરિષદ, ભારત વિકાસ પરિષદના સભ્યો અને મોટી સંખ્યામાં વડીલો તથા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ટુર્નામેન્ટના સમાપન સમારોહમાં વક્તાઓએ જણાવ્યું હતું કે, આ આયોજન માત્ર એક રમત નહીં પણ સમાજમાં ભાઈચારો, એકતા અને સૌહાર્દ સ્થાપિત કરવાનું માધ્યમ બન્યું છે. વિજેતા ટીમને ભવ્ય ટ્રોફી અને રોકડ ઇનામો મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. ક્રિકેટના આ રોમાંચક ઉત્સવે કેશોદ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રમતગમત પ્રત્યે એક નવો માહોલ સર્જ્યો છે. અંતમાં આયોજકોએ તમામ સહયોગીઓ અને ક્રિકેટ પ્રેમીઓનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

**રિપોર્ટ : હરેશ ભરડા**




**કેશોદમાં આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં કેબલ ઇલેવન વેરાવળ વિજેતા બની. ધારાસભ્ય દેવાભાઈ માલમ રહ્યા ઉપસ્થિત.**

# મોટીબરાર શાળામાં 3D ફિલ્મનો નવતર પ્રયોગ: શિક્ષણમાં નવી ક્રાંતિ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારના 'આનંદદાયી શનિવાર' અભિયાનને સાર્થક કરતા માળિયા તાલુકાની મોટીબરાર રત્નમણિ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને 3D ફિલ્મનો રોમાંચક અનુભવ કરાવવામાં આવ્યો હતો. સરકારી શાળામાં સામાન્ય રીતે જોવા ન મળતી આ આધુનિક સુવિધા પાછળ શાળાના આચાર્ય અનિલ બદ્રકિયા અને મોટીબરારના ઉદાર ગ્રામજનોનો સિંહફાળો રહેલો છે.

શાળામાં છેલ્લા બે વર્ષથી એક અનોખો પ્રયોગ ચાલી રહ્યો છે, જેનું નામ છે "શાળા વિકાસ ફંડ". આ ફંડની વિશેષતા એ છે કે ગામના લોકો કોઈ પણ સરકારી દબાણ વગર, પોતાના અંગત કે સામાજિક પ્રસંગો જેમ કે જન્મદિવસ અથવા પૂર્વજોની પુણ્યતિથિ નિમિત્તે સ્વેચ્છાએ શાળાને આર્થિક સહયોગ આપે છે. આ આદતને કારણે શાળા આજે ભૌતિક રીતે સમૃદ્ધ બની છે. આ ફંડના નાણાંમાંથી જ વિદ્યાર્થીઓ માટે ખાસ 3D ચશ્મા તૈયાર કરવામાં આવ્યા છે. શનિવારના રોજ શાળાના તમામ વિદ્યાર્થીઓને આ ચશ્મા પહેરાવીને શૈક્ષણિક ફિલ્મો અને વિજ્ઞાનને લગતા દ્રશ્યો બતાવવામાં આવ્યા હતા. 3D ઇફેક્ટને કારણે બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આચાર્ય અનિલ બદ્રકિયાએ જણાવ્યું કે, અમારો હેતુ ગ્રામીણ બાળકોને પણ શહેરી અને ખાનગી શાળાઓ જેવું જ આધુનિક શિક્ષણ આપવાનો છે. ટેકનોલોજીના માધ્યમથી બાળકોમાં વિષય પ્રત્યેની રુચિ વધે છે અને તેઓ વધુ સારી રીતે ગ્રહણ કરી શકે છે.

શાળાની આ હકારાત્મક પહેલને સમગ્ર પંથકમાં આવકારવામાં આવી છે. વાલીઓએ આચાર્ય અને સ્ટાફની કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, સરકારી શાળામાં લોકભાગીદારીના આવા પ્રયોગો શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં અત્યંત મદદરૂપ થાય છે. મોટીબરાર શાળા આજે એક મોડેલ સ્કૂલ તરીકે ઉભરી રહી છે, જ્યાં પરંપરાગત શિક્ષણની સાથે આધુનિક ટેકનોલોજીનો સુંદર સમન્વય જોવા મળે છે.

**રિપોર્ટ બોચિયા નરોત્તમભાઇ**



**માળિયાના મોટીબરારની રત્નમણિ પ્રાથમિક શાળામાં 'આનંદદાયી શનિવાર' અંતર્ગત વિદ્યાર્થીઓને 3D ફિલ્મ બતાવવામાં આવી. આચાર્ય અનિલ બદ્રકિયાના માર્ગદર્શનમાં લોકભાગીદારીથી એકત્રિત 'શાળા વિકાસ ફંડ' દ્વારા આ આધુનિક સુવિધા વિકસાવી શિક્ષણને ટેકનોલોજી સભર બનાવવામાં આવ્યું છે.**